RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 385 Dt. 30-07-2026 Page : 08 Price : Rs 3

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# સંસદમાં લોક પરીક્ષા સુધારા બીલ પાસ

## પેપર લીક કરનારાઓને ૧૦ વર્ષ સુધીની જેલ અને ૧૦ કરોડ સુધીના દંડની કડક જોગવાઈ



નવી દિલ્હી, તા.૨૯

દેશમાં સરકારી ભરતીઓ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં અવારનવાર થતા પેપર લીકની ગંભીર સમસ્યાને ડામવા માટે કેન્દ્ર સરકાર દ્વારા લાવવામાં આવેલું મહત્વપૂર્ણ વિધેયક બુધવારે લોકસભામાં વિપક્ષના ભારે હોબાળા અને વિરોધ વચ્ચે ધ્વનિ મતથી પસાર થઈ ગયું છે. 'લોક પરીક્ષા (અયોગ્ય સાધનોની રોકથામ) સુધારા વિધેયક, ૨૦૨૬' માં પેપર લીક અને પરીક્ષામાં ગેરરીતિ આચરતા માફિયાઓ સામે અત્યંત કડક કાનૂની જોગવાઈઓ ઉમેરવામાં આવી છે. આ નવા કાયદા અંતર્ગત દોષિતો માટે મહત્તમ ૧૦ વર્ષ સુધીની આકરી જેલની સજા અને ૧૦ કરોડ રૂપિયા સુધીના ભારે દંડની જોગવાઈ કરવામાં આવી છે. મંગળવારે આ બિલ પર ગૃહમાં સતત ૯ કલાક સુધી લાંબી ચર્ચા ચાલી હતી, જે બાદ બુધવારે મંજૂરીની મહોર મારવામાં આવી હતી.

આ બિલ પરની ચર્ચા દરમિયાન વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ સંસદમાં આશરે ૫૦ મિનિટ સુધી ધારદાર ભાષણ આપ્યું હતું. તેમણે દેશના યુવાનો અને પેપર લીકની સમસ્યા મુદ્દે સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે, ''દેશનું ભવિષ્ય અને યુવાનો આજે પોતાના હક માટે રસ્તાઓ પર ઉતરી આવ્યા છે. વિદ્યાર્થીઓના આ પ્રદર્શનમાં કોઈ ગુસ્સો કે નફરત નહોતી, પરંતુ તેઓ માત્ર પોતાનો અવાજ શાસકો સુધી પહોંચાડવા માંગતા હતા. જો ભાજપના નેતાઓ પોતાના બાળકોને પૂછશે કે તેમના ભાઈ-બહેનો જે આંદોલન કરી રહ્યા છે તે સાચું છે કે ખોટું, તો તેમના પોતાના બાળકો પણ આ આંદોલનકારી યુવાનોનું જ સમર્થન કરશે.''

પોતાના ભાષણ દરમિયાન રાહુલ ગાંધીએ 'ઈડિયટ' અને 'અંધભક્ત' જેવા શબ્દોનો પ્રયોગ કરતા જ સત્તાપક્ષના સભ્યો લાલચોળ થઈ ગયા હતા અને ગૃહમાં ભારે હંગામો મચી ગયો હતો. આ ઉપરાંત રાહુલે એવો ગંભીર આરોપ પણ લગાવ્યો હતો કે, ગૃહમંત્રીએ દિલ્હીમાં શાંતિપૂર્ણ વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર ફાયરિંગ કરવાનો આદેશ આપ્યો હતો. સત્તાપક્ષ દ્વારા રાહુલ ગાંધીના આ નિવેદનોનો ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો.

સંસદીય કાર્ય મંત્રી કિરણ રિજિજુએ ભાષણ દરમિયાન ૫ વખત ઊભા થઈને રાહુલ ગાંધીને અટકાવ્યા હતા અને સંસદીય મર્યાદાઓ તથા નિયમોનો હવાલો આપ્યો હતો. રિજિજુએ માંગ કરી હતી કે વિપક્ષના નેતાએ ગૃહની ગરિમા જાળવીને પોતાના આક્ષેપો બદલ માફી માંગવી જોઈએ. આ તીખા પ્રહારો વચ્ચે રાહુલે વળતો જવાબ આપતાં કહ્યું કે, ''જો તમે એવું જ ઈચ્છતા હોવ કે દેશમાં ફક્ત ભાજપ જ બોલે, તો હું ચૂપચાપ બેસી જાઉં છું.''

લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ પણ રાહુલ ગાંધીને ૧૦થી વધુ વખત ટોક્યા હતા અને તાકીદ કરી હતી કે ગૃહની કાર્યવાહીમાં આવા અસંસદીય શબ્દોનો પ્રયોગ કરી શકાય નહીં. ત્યારબાદ રક્ષા મંત્રી રાજનાથ સિંહની વિશેષ અપીલ અને મધ્યસ્થતા બાદ સ્પીકરે રાહુલ ગાંધી દ્વારા બોલાયેલા અસંસદીય શબ્દોને સદનની સત્તાવાર કાર્યવાહીમાંથી હટાવી દીધા હતા.

સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચે ચાલી રહેલા આ ભારે હોબાળા અને નારેબાજીને કારણે લોકસભાના અધ્યક્ષે ગૃહની કાર્યવાહી પહેલાં બપોરે ૨:૩૦ વાગ્યા સુધી સ્થગિત કરી દીધી હતી. બપોરે ૨:૩૦ વાગ્યે જ્યારે ગૃહ ફરી મળ્યું ત્યારે પણ રાહુલ ગાંધીના વિવાદસ્પદ નિવેદનો મુદ્દે બંને પક્ષો વચ્ચે સામસામે બેફામ સૂત્રોચ્ચાર ચાલુ રહેતાં કાર્યવાહી ફરી બપોરે ૩:૦૦ વાગ્યા સુધી મુલતવી રાખવાની ફરજ પડી હતી.

### રાજ્યસભામાં 'વંદે માતરમ' સુધારા બિલ પસાર

એક તરફ જ્યાં લોકસભામાં પેપર લીક બિલ અને રાજકીય નિવેદનબાજીને લઈને ભારે ઘર્ષણ જોવા મળ્યું, ત્યાં બીજી તરફ રાજ્યસભામાં દેશના રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ' ના માન-સન્માન સાથે જોડાયેલું અત્યંત મહત્વનું સુધારા બિલ પસાર કરવામાં આવ્યું હતું. આ નવા સુધારા વિધેયક દ્વારા 'વંદે માતરમ' નું અનાદર કે અપમાન કરવાને હવેથી કાનૂની રીતે દંડનીય અપરાધ બનાવવામાં આવ્યો છે. આમ, સંસદના બંને ગૃહોમાં બુધવારનો દિવસ ભારે ગરમાવો, રાજકીય ડ્રામા અને મહત્વના કાયદાકીય સુધારાઓથી ભરેલો રહ્યો હતો.

### તહેવારો પહેલાં સરકારે દાખવી સતર્કતા !

# ખાંડના ભાવ અંકુશમાં રાખવા દેશભરની મિલોના સ્ટોકનું થશે ફિઝિકલ વેરિફિકેશન

નવી દિલ્હી, તા.૨૯

તહેવારો પહેલાં ખાંડના ભાવ નિયંત્રણમાં રાખવા કેન્દ્ર સરકારે કડક પગલાં ભર્યા છે. દેશની સુગર મિલોમાં ૧ થી ૧૪ ઓગસ્ટ દરમિયાન સંયુક્ત ટીમો દ્વારા ખાંડના વાસ્તવિક સ્ટોકનું ફિઝિકલ વેરિફિકેશન કરાશે. સ્ટોકમાં ગડબડ જણાશે તો 'એસેન્શિયલ કોમોડિટીઝ એક્ટ ૧૯૫૫' હેઠળ કડક કાર્યવાહી થશે. GST ડેટા સાથે પણ ક્રોસ-વેરિફિકેશન કરાશે.

આગામી તહેવારોની સીઝન શરૂ થાય તે પહેલાં કેન્દ્ર સરકારે દેશમાં ખાંડની પૂરતી ઉપલબ્ધતા જાળવી રાખવા અને ભાવ નિયંત્રણમાં રાખવા માટે મોટા પગલાં લીધાં છે. તહેવારો દરમિયાન ખાંડની માંગમાં થનારા વધારાને ધ્યાનમાં રાખીને સરકારે કાળાબજારી અને સંગ્રહખોરી રોકવા માટે ખાંડના સ્ટોક પર કડક નજર રાખવાનો નિર્ણય કર્યો છે.

ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગ હેઠળના 'ડિરેક્ટોરેટ ઓફ સુગર એન્ડ વેજીટેબલ ઓઇલ્સ' દ્વારા દેશની તમામ સુગર મિલોને આદેશ જારી



તમામ મિલોને વેચાણ અને સ્ટોકનો સાચો રેકોર્ડ જાળવી રાખવા કડક તાકીદ

કરવામાં આવ્યો છે. આ આદેશ મુજબ ૧ થી ૧૪ ઓગસ્ટ દરમિયાન કેન્દ્ર અને રાજ્ય સરકારના અધિકારીઓની સંયુક્ત ટીમો સુગર મિલોની રૂબરૂ મુલાકાત લઈને મિલોમાં હાજર ખાંડના વાસ્તવિક સ્ટોકનું ફિઝિકલ વેરિફિકેશન કરશે.તપાસ દરમિયાન જૂન ૨૦૨૬ના ડ-૨ સ્ટોક રિટર્નને આધાર માનવામાં આવશે, અને ત્યારબાદ જુલાઈ મહિનામાં થયેલા વેચાણ અને ડિસ્પેચ સાથે વાસ્તવિક સ્ટોકની ચકાસણી કરવામાં આવશે. જો મિલના રેકોર્ડ અને વાસ્તવિક સ્ટોકમાં કોઈ તફાવત જણાશે તો તેને 'સુગર કંટ્રોલ ઓર્ડર'નું ઉલ્લંઘન માનવામાં આવશે. સરકારે સ્પષ્ટ ચેતવણી આપી છે કે, સ્ટોકમાં અનિયમિતતા જણાશે તો સંબંધિત સુગર મિલ સામે 'એસેન્શિયલ કોમોડિટીઝ એક્ટ ૧૯૫૫' અને 'સુગર કંટ્રોલ ઓર્ડર ૨૦૨૫' હેઠળ કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

આ ઉપરાંત, જુલાઈ ૨૦૨૬ના વેચાણના આંકડાઓને GST ડેટા સાથે પણ મેચ કરવામાં આવશે. જો આ આંકડાઓમાં કોઈ વિસંગતતા જોવા મળશે, તો તે સુગર મિલનો ઓક્ટોબર ૨૦૨૬નો ઘરેલુ સુગર કોટા રદ થઈ શકે છે. સરકારે તમામ મિલોને વેચાણ અને સ્ટોકનો સાચો રેકોર્ડ જાળવી રાખવા સખત સૂચના આપી છે.

# બેન્કોએ મિનિમમ બેલેન્સના બહાને ગ્રાહકો પાસેથી ૨૬,૭૧૦ કરોડ વસૂલ્યા !


નવી દિલ્હી, તા.

સરકારે સંસદમાં માહિતી આપતા જણાવ્યું કે, છેલ્લા ૪ નાણાકીય વર્ષોમાં બેન્કોએ મિનિમમ એવરેજ બેલેન્સ ન જાળવવા બદલ ગ્રાહકો પાસેથી ₹૨૬,૧૭૦ કરોડથી વધુનો દંડ વસૂલ્યો છે. FY26માં જ ₹૭,૦૮૬.૬૩ કરોડનો દંડ વસૂલાયો, જેમાં ખાનગી બેન્કોનો હિસ્સો ₹૪,૯૪૮.૭૧ કરોડ હતો. HDFC બેન્ક ₹૧,૭૯૮.૧૪ કરોડ સાથે ખાનગી બેન્કોમાં અગ્રેસર રહી. SBI એ સરકારી બેન્કોમાં ₹૪૭૭.૨૭ કરોડનો સૌથી વધુ દંડ નોંધાવ્યો.

જો તમારા બેન્ક ખાતામાંથી ક્યારેય તમારી જાણ વગર પૈસા કપાઈ ગયા હોય, તો બની શકે કે તે મિનિમમ એવરેજ બેલેન્સ (MAB) ન જાળવવાનો ચાર્જ હોય. સરકારે સંસદમાં માહિતી આપતા જણાવ્યું છે કે છેલ્લા ૪ નાણાકીય વર્ષો (FY23-FY26)માં બેન્કોએ ગ્રાહકો પાસેથી મિનિમમ બેલેન્સ ન રાખવા બદલ કુલ ₹૨૬,૧૭૦ કરોડથી વધુનો દંડ વસૂલ્યો છે. આ દંડમાં સૌથી મોટો હિસ્સો ખાનગી બેન્કોનો રહ્યો છે.

નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ રાજ્યસભામાં આપેલા લેખિત જવાબમાં જણાવ્યું કે માત્ર FY26માં જ બેન્કોએ ₹૭,૦૮૬.૬૩ કરોડનો દંડ વસૂલ્યો હતો, જેમાં પ્રાઈવેટ બેન્કોએ ₹૪,૯૪૮.૭૧ કરોડ અને સરકારી બેન્કો (PSBs)એ ₹૨,૧૩૭.૯૨ કરોડ વસૂલ કર્યા છે.

ખાનગી બેન્કોની વાત કરીએ તો HDFC બેન્કે FY26માં ₹૧,૭૯૮.૧૪ કરોડનો સૌથી વધુ દંડ વસૂલ્યો છે. ત્યારબાદ એક્સિસ બેન્ક બીજા ક્રમે રહી છે, જેણે ₹૧,૦૮૧.૩૩ કરોડની વસૂલાત કરી છે. આ બંને બેન્કોએ મળીને પ્રાઈવેટ બેન્કો દ્વારા વસૂલવામાં આવેલા કુલ દંડનો આશરે ૫૮% હિસ્સો વસૂલ્યો છે. આ ઉપરાંત, ICICI બેન્કે ₹૩૫૩.૫૦ કરોડ, કોટક મહિન્દ્રા બેન્કે ₹૨૯૦.૬૫ કરોડ, યસ બેન્કે ₹૧૯૫.૦૫ કરોડ અને IDBI બેન્કે ₹૧૭૫.૧૫ કરોડનો દંડ ગ્રાહકો પાસેથી વસૂલ કર્યો છે.



નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીનો રાજ્યસભામાં ખૂલાસો

જાહેર ક્ષેત્રની (સરકારી) બેન્કોમાં SBI એ ₹૪૭૭.૨૭ કરોડનો સૌથી વધુ દંડ નોંધાવ્યો છે. જોકે, સરકારે સ્પષ્ટ કર્યું છે કે આ રકમ માત્ર કરંટ એકાઉન્ટ્સ (ચાલુ ખાતા) સાથે સંબંધિત છે, કારણ કે માર્ચ ૨૦૨૦થી SBIએ સેવિંગ્સ એકાઉન્ટ્સ પર મિનિમમ બેલેન્સ ન રાખવાનો દંડ સંપૂર્ણપણે નાબૂદ કરી દીધો છે. જ્યારે પછી બેન્ક ઓફ બરોડાએ ₹૩૯૪.૧૦ કરોડ અને ઈન્ડીયન બેન્કે ₹૨૯૯.૧૭ કરોડનો દંડ વસૂલ્યો છે. સરકારે જણાવ્યું કે દેશની ૧૨ સરકારી બેન્કમાંથી ૧૦ બેન્કએ સેવિંગ્સ એકાઉન્ટ પર મિનિમમ બેલેન્સ ન રાખવા બદલ લાગતો દંડ નાબૂદ કરી દીધો છે. આ ઉપરાંત, જો તમારી પાસે BSBDA કે પ્રધાનમંત્રી જનધન યોજના (PMJDY) હેઠળનું ખાતું છે, તો તમારે મિનિમમ બેલેન્સ જાળવવાની જરૂર નથી. દેશમાં આવા આશરે ૭૩ કરોડ ખાતાઓ છે, જેના પર કોઈ પેનલ્ટી લાગતી નથી. RBIના નિયમો મુજબ, બેન્કો ગ્રાહકો પર ચાર્જ લગાવી શકે છે, પરંતુ તે વાજબી હોવો જોઈએ અને દંડ લાગુ કરતા પહેલા ગ્રાહકોને SMS કે ઈમેઈલ દ્વારા જાણ કરવી ફરજિયાત છે.

# ચીનનું નવું પેસેન્જર પ્લેન C919 ભારત માટે મોટા ખતરા સમાન ?



લેન્ડિંગ થતાં જ LAC પર એલર્ટ!

નવીદિલ્હી,તા.૨૯

ચીનના સ્વદેશી ઈ૯૧૯ પેસેન્જર એરક્રાફ્ટે તિબેટના દુર્ગમ લિહાસા ગોંગગર એરપોર્ટ પર સફળ પરીક્ષણ કર્યું છે. આ વિમાન LAC પર ભારત માટે ગુપ્ત ખતરો બની શકે છે. ચીનની 'સિવિલ-મિલિટ્રી ફ્યુઝન' નીતિ હેઠળ, આ ઈ૯૧૯ કટોકટીમાં ૧૩૦-૧૬૦ સૈનિકોને સરહદી વિસ્તારોમાં ઝડપથી ઉતારી શકે છે અને શિયાળામાં PLA માટે પુરવઠો ચાલુ રાખી શકે છે. જોકે, તેના મુખ્ય ભાગો પશ્ચિમી દેશોમાંથી આવે છે. ચીનનું પ્રથમ સ્વદેશી પેસેન્જર એરક્રાફ્ટ C919 હવે માત્ર સામાન્ય નાગરિક ઉડ્ડયન પૂરતું મર્યાદિત નથી રહ્યું. આ વિમાને વિશ્વના સૌથી ઊંચા પઠાર એટલે કે તિબેટના લિહાસા ગોંગગર એરપોર્ટ જેવા અત્યંત દુર્ગમ વિસ્તારમાં સફળ પરીક્ષણ કરીને સમગ્ર વિશ્વને ચોંકાવી દીધું છે. પ્રથમ નજરે આ એરક્રાફ્ટ બોઈંગ અને એરબસની એકચક્રી સત્તાને પડકારતું કોમર્શિયલ પ્લેન લાગે છે, પરંતુ સંરક્ષણ નિષ્ણાતોના મતે તે વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર ભારત માટે એક મોટો ગુપ્ત ખતરો સાબિત થઈ શકે છે.

ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની 'સિવિલ-મિલિટ્રી ફ્યુઝન' નીતિ હેઠળ ચીનની દરેક નાગરિક ટેકનોલોજી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો જરૂર પડે ત્યારે યુદ્ધ ધોરણે સૈન્ય હથિયાર તરીકે ઉપયોગ કરી શકાય છે. ઝડપી સૈન્ય તૈનાતીઃ કટોકટીના સમયે લદ્દાખ કે, અરુણાચલ પ્રદેશ સરહદે તણાવ વધે ત્યારે C919નું આ ખાસ 'હાઈ-ઓલ્ટીટ્યુડ' મોડેલ એક જ વારમાં ૧૩૦થી ૧૬૦ જેટલા સશસ્ત્ર ચીની સૈનિકોને લિહાસા, ન્યિંગચી કે અલી કુંશે જેવા સરહદી એરપોર્ટ પર ગણતરીના કલાકોમાં ઉતારી શકે છે. ભારે બરફવર્ષા દરમિયાન જ્યારે પહાડી રસ્તાઓ બંધ થઈ જાય છે, ત્યારે પાતળી હવામાં પણ સરળતાથી લેન્ડ થઈ શકતું આ પ્લેન ચીની સેના (PLA) માટે રાશન અને હથિયારોનો પુરવઠો સતત ચાલુ રાખી શકશે. ઈ૯૧૯ પ્રોજેક્ટ દ્વારા શીખેલી ટેકનોલોજીનો સીધો ફાયદો ચીન તેના Y-20 જેવા ભારે સૈન્ય માલવાહક વિમાનોને વધુ ઘાતક બનાવવામાં કરી રહ્યું છે. સમુદ્ર સપાટીથી ૮,૦૦૦ ફૂટથી વધુ ઊંચાઈ ધરાવતા વિસ્તારોમાં હવા અત્યંત પાતળી હોય છે, જેના કારણે એન્જિનને પૂરતો ઓક્સિજન મળતો નથી, અને લેન્ડિંગ વખતે બ્રેક ફેલ થવાનું જોખમ રહે છે. આ સમસ્યાને માત આપવા ચીને 'C919-600' મોડેલ બનાવ્યું છે, જેનું બોડી નાનું અને એન્જિન વધુ શક્તિશાળી છે. તિબેટના લિહાસામાં આ વિમાનનું સફળ લેન્ડિંગ કરીને ચીને પોતાની ક્ષમતા સાબિત કરી છે.

ચીનની કંપની COMACને આ વિમાન માટે ૧,૦૦૦થી વધુ ઓર્ડર મળી ચૂક્યા છે. જોકે, આ પ્લેન પર 'મેડ ઇન ચાઇના'નું ટેગ હોવા છતાં, તેના મુખ્ય જેટ એન્જિન, ઈલેક્ટ્રોનિક્સ અને સેફ્ટી સિસ્ટમ્સ અમેરિકા અને ફ્રાન્સની કંપનીઓ પાસેથી આવે છે. જો પશ્ચિમી દેશો પ્રતિબંધ મૂકે તો ચીનનો આ પ્રોજેક્ટ અટકી શકે છે. આ ઉપરાંત, તેને હજુ સુધી યુરોપ કે, અમેરિકાની સુરક્ષા એજન્સીઓ પાસેથી આંતરરાષ્ટ્રીય સેફ્ટી સર્ટિફિકેટ મળ્યું નથી.

### ભારત માટે મોટો સબક

આજના સમયમાં લદ્દાખ અને પૂર્વોત્તર જેવા અત્યંત ઊંચા વિસ્તારોમાં સેના અને સરંજામ પહોંચાડવા માટે ભારતને અમેરિકાના બોઈંગ C-17 ગ્લોબમાસ્ટર કે હરક્યુલસ વિમાનો પર નિર્ભર રહેવું પડે છે. ચીને જે રીતે સિવિલ અને મિલિટ્રી સિસ્ટમને જોડીને સક્ષમતા મેળવી છે, તે ભારત માટે ચેતવણી સમાન છે. ભારતે પણ 'મેક ઈન ઈન્ડિયા' હેઠળ પોતાના સ્વદેશી એરોસ્પેસ પ્રોજેક્ટ્સને ઝડપથી આગળ વધારવા પડશે.

# આઠ જીલ્લામાં ૩૧મીએ મેઘતાંડવની આગાહી

## સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર - ગાંધીનગર ખાતે વેધર વોચ ગ્રુપની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૯

હવામાન વિભાગની આગાહી મુજબ આગામી દિવસોમાં ગુજરાતમાં વરસાદની તીવ્રતા વધવાની શક્યતા છે. તા. ૩૧ જુલાઈના રોજ અમદાવાદ, આણંદ, વડોદરા, ભરૂચ, નર્મદા, સુરત, તાપી અને ડાંગમાં રેડ એલર્ટ, જ્યારે સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં ઓરેન્જ એલર્ટ સાથે ભારેથી અત્યંત ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. તદુપરાંત તા. ૨૯ અને ૩૦ જુલાઈ દરમિયાન પંચમહાલ, દાહોદ, વડોદરા, ભરૂચ, સુરત અને દક્ષિણ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. વધુમાં, તા. ૧ ઓગસ્ટના રોજ ઉત્તર ગુજરાતમાં ઓરેન્જ એલર્ટ સાથે છૂટા છવાયા વિસ્તારોમાં ભારેથી અત્યંત ભારે વરસાદ વરસવાની સંભાવના છે.




રાજ્યમાં ચોમાસાની ઋતુમાં આગામી દિવસોમાં વરસાદની સંભાવનાઓને ધ્યાનમાં રાખીને આજે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (SEOC), ગાંધીનગર ખાતે રાહત કમિશનર ગૌરાંગ મકવાણાના અધ્યક્ષસ્થાને 'વેધર વોચ ગ્રુપ'ની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ચોમાસા દરમિયાન વરસાદી પરિસ્થિતિ સામે નાગરિકોની સુરક્ષા અને આપત્તિ વ્યવસ્થાપન માટેની વહીવટી તંત્રની તૈયારીઓની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી. હવામાન વિભાગની આગાહીને ધ્યાને રાખીને તમામ સંકલિત વિભાગોને પોતાના સાધનો/ટીમોનું મેપિંગ કરી તુરંત એક્શન માટે તૈયાર રહેવા રાહત કમિશનરએ સૂચના આપી છે. ભારે પવન અને વરસાદના કોમ્બિનેશનથી થતા નુકસાનને અટકાવવા માર્ગ અને મકાન વિભાગને નગરપાલિકા/મહાનગરપાલિકાના હોર્ડિંગ્સ, બેનર્સ તથા જર્જરિત બિલ્ડિંગોને તાત્કાલિક અસરથી હટાવવા સૂચના આપવામાં આવી છે. કોઈપણ પ્રકારની વોર્નિંગ અને આપત્તિના મેસેજ નીચલા સ્તર સુધી, એટલે કે સામાન્ય માનવી અને મજૂર વર્ગ સુધી સમયસર પહોંચે તે સુનિશ્ચિત કરવા તાકીદ કરી હતી. મોટાભાગે કાચા મકાનો, ઝૂંપડપટ્ટી અને મજૂર વર્ગ વધુ પ્રભાવિત થતો હોવાથી તેમના રક્ષણ માટે એક્સ્ટ્રા કેર લેવામાં આવશે. તમામ વિભાગના અધિકારીઓ તાત્કાલિક કલેક્ટરઓ સાથે બેઠક કરી પોતાના સાધનો અને ટીમોનું મેપિંગ કરી લે અને તુરંત એક્શન માટે તૈયાર રહે, તેમ રાહત કમિશનરએ ઉમેર્યું હતું.

**તમામ સંકલિત વિભાગોને પોતાના સાધનો-ટીમોનું મેપિંગ કરી તુરંત એક્શન માટે તૈયાર રહેવા રાહત કમિશનર ગૌરાંગ મકવાણાની સૂચના**

કમિશનર મકવાણાએ વધુમાં જણાવ્યું હતું કે, રાજ્યમાં હાલમાં વરસાદની અત્યંત વિષમ પેટર્ન જોવા મળી રહી છે. રાજ્યના કેટલાક વિસ્તારો જેમ કે દ્વારકા બાજુ ઓછો વરસાદ છે, તો બીજી તરફ વલસાડ અને નવસારી જેવા વિસ્તારોમાં અંદાજે ૧૦૦ ટકા જેટલો વરસાદ નોંધાયો છે. જ્યારે ધોળકામાં માત્ર બે કલાકમાં ૨૦ ઈંચ જેટલો અભૂતપૂર્વ વરસાદ પડ્યો હતો. આવી વિષમ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા તમામ સંબંધિત વિભાગો, જિલ્લા કલેક્ટરો અને આપત્તિ વ્યવસ્થાપન ટીમોને હાઈ એલર્ટ પર રહેવા સૂચનાઓ આપવામાં આવી છે. રાહત કમિશનરએ NDRF, SDRF, કોસ્ટગાર્ડ અને આર્મી દ્વારા કરવામાં આવેલી શ્રેષ્ઠ અને સરાહનીય કામગીરી માટે તેમનો આભાર માનતા કહ્યું હતું કે, તંત્ર અને સુરક્ષા દળોના સંકલનથી અત્યાર સુધીમાં હજારો નાગરિકોના જીવ બચાવી શકાયા છે. દક્ષિણ ગુજરાતમાં વરસેલા ભારે વરસાદના કારણે પૂરની સ્થિતિ સર્જાય તે પહેલાં જ અગાઉથી અંદાજે ૫૩,૬૦૦થી વધુ નાગરિકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા તેમજ પૂરના પાણીમાં ફસાયેલા ૯,૬૦૦થી વધુ નાગરિકોને સફળતાપૂર્વક ઉગારી લેવામાં આવ્યા છે. આ બેઠકમાં NDRF, SDRF, કોસ્ટગાર્ડ, નેવી, આરોગ્ય, વન, કૃષિ અને મહેસૂલ સહિતના વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# 'હેલ્થ સેન્ટર'ની આડમાં ચાલતા કુટણખાના પર AHTU ત્રાટક્યું

## 'વજન વધારો-ઘટાડો'ના બોર્ડ પાછળ ચાલતા દેહવ્યાપારનો પર્દાફાશ; યુનિવર્સિટી પોલીસમાં 'ધી ઈમોરલ ટ્રાફિક એક્ટ' હેઠળ બે મહિલા સહિત ત્રણ સામે ગુનો






રાજકોટ, તા.૨૯

રાજકોટ શહેરમાં સ્પા અને હેલ્થ સેન્ટરની આડમાં ચાલતી ગેરકાયદે પ્રવૃત્તિઓ પર સાયબર અને ક્રાઇમ બ્રાન્ચ બાદ હવે એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. શહેરના સાધુવાસવાણી રોડ નજીક 'વજન વધારો ઘટાડો'ના બોર્ડ હેઠળ ચાલતા એક હેલ્થ સેન્ટરમાં દેહવ્યાપારનો ધંધો ચાલી રહ્યો હોવાનો પર્દાફાશ કરી બે મહિલા સહીત ત્રણ સામે યુનિવર્સીટી પોલીસમાં ગુનો નોંધાયો છે.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર ચૈતન્ય મંડલીક, નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) જગદીશ બાંગરવા તેમજ મદદનીશ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) ભરત બી. બસીયાના માર્ગદર્શન હેઠળ એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટ ટીમ દ્વારા આ કામગીરી કરવામાં આવી હતી. યુનિવર્સિટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં સાધુવાસવાણી રોડ પાસે, ગોપાલ ચોક, બાલમુકુંદ સોસાયટી મેઈન રોડ પર આવેલા એક મકાનમાં 'હેલ્થ સેન્ટર'ના નામે સંચાલકો બહારથી યુવતીઓ બોલાવી દેહવ્યાપાર કરાવતા હોવાની ચોક્કસ બાતમી મળી હતી. એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટની ટીમે બે પંચોને સાથે રાખીને દરોડો પાડતા માલૂમ પડ્યું હતું કે, ગ્રાહકો પાસેથી એન્ટ્રી ફી પેટે ૧૦૦૦ રૂપિયા રોકડા કે ઓનલાઇન ક્યૂઆર કોડ દ્વારા મેળવીને યુવતીઓ પાસે શરીર સંબંધ બંધાવવામાં આવતો હતો. આર્થિક લાભ મેળવવા માટે ચાલતા આ ગોરખધંધા સ્થળેથી પોલીસે ૩ મોબાઈલ ફોન સહિત ૧૭,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

આ મામલે પોલીસે રાજકોટની ભાવના જોશી, મોટી ખોખરી, જિ. દેવભૂમિ દ્વારકાની પભી કરમુર અને જામનગરના ધ્રોલનો ચિંતન ભાવેશભાઇ વાસજાળીયા એમ ત્રણ આરોપીઓ વિરુદ્ધ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં 'ધી ઈમોરલ ટ્રાફિક એક્ટ' ની કલમ ૩, ૪, ૫ અને ૭ હેઠળ ગુનો દાખલ કરાવ્યો છે.

એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટના પીઆઈ કે.કે. ગોહિલ, પી.એસ.આઈ. આર.કે. ગોહિલ, એ.એસ.આઈ. અજયકુમાર શુક્લા, સલીમભાઇ મકરાણી, ધર્મેન્દ્રસિંહ જાડેજા સહિતની ટીમે દરોડો પાડતા આસપાસના લત્તાવાસીઓમાં ચકચાર જાગી છે.

# રાજકોટમાંથી યુવાન-પ્રૌઢ ગૂમ

## ગાંધીગ્રામ -માલવીયાનગર પોલીસ મથકે નોંધાઈ ગુમશુદા નોંધ

રાજકોટ, તા.૨૯

રાજકોટ શહેરમાં અલગ-અલગ બે વિસ્તારોમાંથી બે યુવકો ભેદી સંજોગોમાં ગુમ થયા હોવાના બનાવ બનતા પોલીસ દફતરે જાણકારી અપાઈ છે. પોતાના ઘરેથી અને હોસ્પિટલ પાસેથી અચાનક લાપતા થઈ ગયેલા આ બંને યુવકો અંગે ગાંધીગ્રામ-૨ (યુનિ.) અને માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં ગુમશુદા નોંધ દાખલ કરવામાં આવી છે. પોલીસે બંને યુવકોની શોધખોળ હાથ ધરી છે.




ન્યુ ૧૫૦ ફીટ રિંગ રોડ પર એસ.આર.પી. કેમ્પ પાસે આવેલી આસ્થા રેસિડેન્સી (પ્લોટ નં. ૩૧) ખાતે રહેતા અમૃતાબેન રામસિંગ ભુજેલ (ઉ.વ. ૫૦) એ ગાંધીગ્રામ-૨ (યુનિ.) પોલીસ મથકે જાણ કરી છે કે, તેમનો ૧૮ વર્ષીય પુત્ર દિનેશભાઈ રામસિંગ ભુજેલ ગત તારીખ ૨૭/૦૭/૨૦૨૬ ના રોજ બપોરના આશરે ૧:૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કોઈ કારણોસર ક્યાંક જતો રહ્યો છે. પોલીસે ગૂમશુદા નોંધ કરી છે. આગળની તપાસ એ.વી.રેન્દ્રસિંહ ઝાલા દ્વારા હાથ ધરાઈ છે.

જ્યારે શાપર-વેરાવળ, ૧૦-માળિયા (મકાન જી.) ખાતે રહેતા આશાદેવી શિવધારીભાઈ પ્રસાદ (ઉ.વ. ૪૩) એ માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી વિગત મુજબ, તેમનો ૨૦ વર્ષીય પુત્ર વિવેક શિવધારીભાઈ પ્રસાદ ગત તારીખ ૧૮/૦૭/૨૦૨૬ ના રોજ સાંજે ૧૯:૦૦ વાગ્યા આસપાસ રાજકોટ શહેરના દોશી હોસ્પિટલના ગેટ પાસેથી કોઈને કહ્યા વગર ચાલ્યો ગયો છે. આ અંગે તારીખ ૨૯/૦૭/૨૦૨૬ ના રોજ ગુમશાહુદા જાહેરાત નં. ૪૪/૨૬ (જા.જોગ નં. ૪૮/૨૬) દાખલ કરવામાં આવી છે. આ મામલે માલવીયાનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર.સી. ઝાલા તપાસ ચલાવી રહ્યા છે.પોલીસે બંને ગુમ થનાર યુવકોના વર્ણન અને વિગતોના આધારે તેમની ભાળ મેળવવા માટે તજવીજ તેજ કરી છે.

# પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપી ખેડૂતોની આવક વધારાશે

રાજકોટ, તા.૨૯

પ્રાથમિક કૃષિ મંડળીઓને વધુ સશક્ત, આત્મનિર્ભર અને કાર્યક્ષમ બનાવવા તેમજ પ્રાકૃતિક ખેતી, કૃષિ અને ગ્રામ્ય વિકાસને વેગ આપવા માટે સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવતી વિવિધ આર્થિક યોજનાઓ અંગે માહિતી અને માર્ગદર્શન પૂરું પાડવાના હેતુથી APMC ગોંડલની માર્કેટ યાર્ડમાં ખાતે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં પ્રાથમિક કૃષિ મંડળીઓના માળખાગત વિકાસ, આર્થિક સહાય, સરકારી યોજનાઓનો મહત્તમ લાભ, પારદર્શક પ્રક્રિયા તથા કૃષિ અને ગ્રામ્ય વિકાસલક્ષી પ્રવૃત્તિઓ અંગે વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે સાથે પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપી ખેડૂતોની આવકમાં વધારો કરવા તેમજ સહકારી મંડળીઓની કામગીરીને વધુ સુદ્રઢ બનાવવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

સેમિનારમાં મુખ્ય મહેમાન તરીકે સુનીલ ચૌધરી, નિયામક, ખાંડ, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, તેમજ બિમલ પટેલ, જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, રાજકોટ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત APMC ગોંડલના વાઇસ ચેરમેન ધર્મેન્દ્રસિંહ જાડેજા, રાજકોટ જિલ્લા સહકારી બેંકના જનરલ મેનેજર વી.એમ. સખીયા, આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર હસમુખ વાદી



પ્રાથમિક કૃષિ મંડળીઓ માટે આર્થિક યોજનાઓનો સેમિનાર યોજાયો


, APMC ગોંડલના સેક્રેટરી તરુણભાઈ પાંચાણી, તેમજ વાય.ડી.દુધાત્રા, મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર (હાઉસિંગ), સહકારી મંડળીઓ, રાજકોટ, એન.ડી.ચાવડા, મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર (ગ્રાહક), સહકારી મંડળીઓ, રાજકોટ, કચેરી અધિક્ષક ગીતાબેન જીવાણી સહિત જિલ્લા રજીસ્ટ્રાર કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય મહેમાન સુનિલ ચૌધરી પોતાના વક્તવ્યમાં સહકારી ક્ષેત્રના વૈશ્વિકીકરણ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે NCEL પેક્સ મંડળીઓ સભ્ય બનીને પોતાના ખેડૂતોના કૃષિ ઉત્પાદનોની સીધી વિદેશમાં નિકાસ કરી શકશે, જેનાથી ખેડૂતોને આંતરરાષ્ટ્રીય બજારના ઊંચા ભાવ મળશે. તથા NCOL પ્રાકૃતિક અને ઓર્ગેનિક ખેતી કરતા ખેડૂતોના પાકનું બ્રાન્ડિંગ, પ્રોસેસિંગ અને પ્રમાણપત્ર આપીને યોગ્ય માર્કેટ પૂરું પાડવામાં ગઈઘક મહત્ત્વની ભૂમિકા ભજવશે તેવું મનાય છે.

જિલ્લા રજીસ્ટ્રાર ડો. બિમલ પટેલ દ્વારા સહકારી ક્ષેત્ર માટેની વિવિધ યોજનાઓ અને ભારત સરકારની પહેલો બાબતે માર્ગદર્શન આપવામાં આવેલ.

જે અંતર્ગત મંડળીઓને પોતાનું ઓફિસ/મકાન બનાવવા માટે સહાય યોજના અંતર્ગત સહકારી મંડળીઓ પોતાના સ્વતંત્ર મકાન અને સુસજ્જ કાર્યાલય દ્વારા ગ્રામીણ કક્ષાએ વધુ સારી સેવાઓ આપી શકે તે માટે સરકાર દ્વારા આર્થિક સહાય પૂરી પાડવામાં આવે છે. આ યોજના હેઠળ PACS મંડળીઓને પાકા ઓફિસ મકાન જેવી પ્રાથમિક સુવિધા ઊભી કરવા માટે ૫૦% મુડી સહાય મહત્તમ ૮ લાખ સુધીની સહાય આપવામાં આવે છે, જેથી ગ્રામીણ સ્તરે સહકારી સંસ્થાઓ વધુ વ્યાવસાયિક અને આત્મનિર્ભર બની શકે. આ ઉપરાંત વર્લ્ડ લાર્જેસ્ટ ગોડાઉન યોજના અંતર્ગત દરેક પ્રાથમિક કૃષિ મંડળી (PACS) ખાતે આધુનિક ગોડાઉનનું નિર્માણ કરવાનો માસ્ટર પ્લાન રજૂ કરાયો હતો. આ યોજનાથી મંડળીને ૬૫% મુડી સહાય સબસિડી મહત્તમ ૧૦,૦૦૦ રૂ પ્રતિ મેટ્રિક ટન સુધી આપવામાં આવશે. આ યોજના અંતર્ગત ૫૦૦ મેટ્રિક ટનથી ૫૦૦૦ મેટ્રિક ટન સુધીના ગોડાઉનની ક્ષમતાને આવરી લેવામાં આવી છે. પાણી સમિતિ બાબતે માર્ગદર્શન આપતા જિલ્લા રજીસ્ટ્રારએ જણાવ્યું કે, ગ્રામીણ વિસ્તારમાં સિંચાઈ અને પીવાના પાણીના કાર્યક્ષમ વ્યવસ્થાપન માટે સહકારી મંડળીઓને સક્રિય કરવાની દિશામાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મંડળીઓ 'પાણી સમિતિ' તરીકે કામગીરી સંભાળીને ટપક-ફુવારા સિંચાઈ પદ્ધતિનો વ્યાપ વધારી શકે, જળ સંચયના પ્રકલ્પો હાથ ધરી શકે અને જળ વિતરણનું સુચારુ સંચાલન કરીને ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરી શકે તે અંગે સમજાવવામાં આવ્યું હતું. આ સાથે સાથે કોમન સર્વિસ સેન્ટર તરીકે પેક્સ મંડળીઓનું રૂપાંતરણ બાબતે પેક્સ મંડળીઓ માત્ર ધિરાણ આપવા પૂરતી સીમિત ન રહેતા ગામડાઓમાં કોમન સર્વિસ સેન્ટર (CSC) તરીકે કાર્ય કરે તેવો મહત્વકાંક્ષી પ્લાન રજૂ કરાયો હતો. આનાથી ગ્રામજનોને પોતાના ગામમાં જ ડિજીટલ સેવાઓનો લાભ મળી શકે. હસમુખ વાદી, આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર દ્વારા પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટેની યોજના બાબતે માર્ગદર્શન આપવામાં આવેલ. જે અનુસાર રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓથી મુક્ત થઈને ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવવા હાકલ કરી હતી.

તેમણે સરકાર તરફથી પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને દેશી ગાયના નિભાવ ખર્ચ માટે મળતી માસિક સહાય, દેશી ખાતર અને જીવામૃત બનાવવા માટેની કિટ્સ તથા પ્રાકૃતિક ઉત્પાદનોના યોગ્ય માર્કેટિંગ માટેની વિવિધ પ્રોત્સાહક યોજનાઓ વિશે વિગતવાર માહિતી આપી હતી. વધુંમાં જણાવવાનું કે, સેમિનારના અંતે ઉપસ્થિત સહકારી મંડળીઓના પ્રમુખઓ અને મંત્રીઓ દ્વારા વિવિધ યોજનાઓ અંગે પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી, જે અંતર્ગત હાજર અધિકારીઓ અને મહાનુભવો દ્વારા સંતોષકારક પ્રત્યુત્તર આપવામાં આવેલ. જેથી સહકારી મંડળીઓને યોજનાઓના અમલીકરણ અને લાભ મેળવવા અંગે જરૂરી માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.

આ સેમિનારના આયોજનથી સહકારી મંડળીઓમાં સરકારી યોજનાઓ અંગે જાગૃતિ વધારવા, PACSના વિકાસને વેગ આપવા તથા કૃષિ અને ગ્રામ્ય અર્થતંત્રને વધુ મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન મળી રહેશે તેવું મનાય છે.


PREMIER BELIEVES IN 'TOPPERS' NOT 'TOPPER'
NEET RESULT - 2026
RAJKOT FIRST
ONE CAMPUS – ENGLISH MEDIUM
1
RAJKOT FIRST
675 MARKS
GENERAL CAT.RANK 235
PRASHIL MAKWANA
Limited Students ...
Limitless Success ...
OUT OF 249 STUDENTS
660 MARKS SAUMYA BHARVADA
646 MARKS PRASHAM SHAH
642 MARKS NIREK JASANI
638 MARKS MADHAV TRADA
629 MARKS KRISHA KARIA
628 MARKS KAVYA CHUDASAMA
622 MARKS DHARMA BAGHORA
Bio 360 360
617 MARKS DARSHI MISTRY
615 MARKS MEET NASEET
610 MARKS MAHIR MOTERIA
594 DHAIRYA THANKI
591 ANWESHA SHARMA
588 MANYAT PARMAR
588 JAINI SHAH
587 HASNAIN GHANCHI
584 NISARG TILVA
577 KUSH BHANUSHALI
576 PRANSU KANSAGARA
572 SAGAR PANDIT
569 DHYEY DABHI
568 RUDRA MODHA
567 MAHIR PITHVA
563 RUCHI MARU
561 KRISHTI HARKHANI
560 RADHIKA KOTHIYA
557 VAISHVI PATEL
554 NISHARG PIPALIYA
554 SHAURYA BHAVSAR
552 SHUBHADA PANDYA
551 FORAM LO
550 DARSH HALANI
550 JAY MAKWANA
549 YAKSHRAJ THUMAR
547 TISHYA THACKER
546 DHYANI KARIA
546 RAJVEER BAJAJ
542 JOLLY PARMAR
541 KAVYAN KALARIYA
540 KEYUR PARMAR
539 JIYA AGHERA
538 MANTHAN BHIMANI
538 JINAL SINGH
537 NANDANI MOLIA
536 YUG KANTESARIA
536 NAITRI DEPANI
535 ABDULRAHEMAN MAHIDA
533 KHUSHI MITTAL
532 PANKTI TRIVEDI
531 PRIYANSHI VADALIYA
530 CHARMI KAKANIYA
530 ARSH PASALIYA
RENEET ADMISSIONS OPEN
Mo.99796-79252
Learners today, Leaders tomorrow
PREMIER®
SCHOOLS (RAJKOT)
ENGLISH MEDIUM
Mo.88662-10004
NEET RESULT
Out of 249 Students
600 and Above - 11 Students
550 and Above - 33 Students
500 and Above - 93 Students

રાજકોટ મિરર તંત્રીની કલમે

# લગે રહો

## તુષાર સુમેરાનો લોકસંપર્ક આવકાર્ય, પોલીસ કમિશનર પણ નગરમાં ફરે



રાજકોટ મહાપાલિકાના કમિશનરે પાણીની ફરિયાદ અંગે જે તે વિસ્તારમાં રૂબરૂ જઈને લોકો સાથે વાત કરી. તેમણે સ્થળ પર પહોંચીને સમસ્યાનું મૂળ કારણ જાણ્યું. કમિશનરનું આ કદમ ખરેખર આવકાર્ય છે.

સામાન્ય રીતે લોકોની સમસ્યાઓ સામે સરકારી તંત્ર ઢીલું પડે છે. નાના કર્મચારીઓ ઘણીવાર ફરિયાદોને ગંભીરતાથી લેતા નથી. પરંતુ જ્યારે કમિશનર ખુદ નગરમાં નીકળે છે, ત્યારે આખું તંત્ર દોડતું થઈ જાય છે. અધિકારીઓ અને કર્મચારીઓ પોતાની જવાબદારી પ્રત્યે સજાગ બને છે. આનાથી લોકોમાં પણ તંત્ર પ્રત્યે વિશ્વાસનો એક નવો માહોલ સર્જાય છે. આ એક સુંદર પરંપરા છે. કમિશનરે આ પરંપરા જાળવી રાખીને શહેરના દરેક વિસ્તારોમાં નિયમિતપણે ફરવું જોઈએ. પ્રજાના પ્રશ્નો માત્ર એરકન્ડિશન્ડ ઓફિસોમાં બેસીને ઉકેલી શકાતા નથી. ગ્રાઉન્ડ લેવલની વાસ્તવિકતા જાણવા માટે સ્થળ તપાસ ખૂબ જ જરૂરી છે. રાજકોટના પોલીસ કમિશનરે પણ આ પગલામાંથી પ્રેરણા લેવી જોઈએ. તેમણે પણ શહેરમાં નગરયાત્રા કરવી જોઈએ. પોલીસ કમિશનર પોતે રસ્તા પર ઉતરે તો ગુંડાઓ અને અસામાજિક તત્વો ધ્રુજી ઉઠે. અત્યારે શહેરના અનેક વિસ્તારોમાં દેશી દારૂના અડ્ડાઓ ફૂલીફાલી રહ્યા છે. ગુનાખોરી વધવાનું આ એક મુખ્ય કારણ છે. તેથી પોલીસ કમિશનરે ખુદ રૂબરૂ જઈને સરપ્રાઈઝ ઓપરેશન કરવા જરૂરી છે. જ્યારે વડા પોતે મેદાનમાં આવે છે, ત્યારે સ્થાનિક પોલીસ પણ આળસ છોડીને કામ કરવા મજબૂર બને છે.

લોકશાહીમાં જનતા સર્વોપરી છે. જો કોઈ અધિકારી લોકપ્રશ્ને સક્રિય ન બને, તો લોકોએ પણ જાગૃત થવું પડશે. પ્રજાએ એકજૂથ થઈને અધિકારીઓને તેમની ફરજ બજાવવા માટે ફરજ પાડવી જોઈએ. લોકશાહીમાં પ્રજાનો અવાજ સૌથી મોટો હોય છે.

વહીવટી અને પોલીસ વડાઓની આવી સક્રિયતાથી જ શહેરની વ્યવસ્થા સુધરી શકે છે. પ્રજાના પ્રશ્નોનો ઝડપી ઉકેલ આવે અને ગુનાખોરી ડામી શકાય. જો તમામ ઉચ્ચ અધિકારીઓ આ રીતે રસ્તા પર ઉતરીને કામ કરશે, તો રાજકોટ શહેર સુરક્ષિત અને સુવિધાયુક્ત બનશે. અધિકારીઓની આ પ્રકારની કામગીરી જ સાચા અર્થમાં પ્રજાસત્તાકને મજબૂત બનાવે છે.

### વિદ્યાર્થીઓનો વિરોધ

# ૩૦૦૦ તોફાનીઓને કારણે FIR પાછી ખેંચવાનું અટક્યું

## સુપ્રીમ કોર્ટના આદેશમાં સમસ્યા ક્યાં?

નવીદિલ્હી, તા. ૨૯

દિલ્હી અને દેશભરમાં વિદ્યાર્થીઓ NEET પેપર લીક અને ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગણી સાથે રસ્તા પર ઉતરી આવ્યા હતા. ઘણા રાજ્યોમાં પોલીસે કડક કાર્યવાહી કરી, લાઠીચાર્જ કર્યો અને સેંકડો વિદ્યાર્થીઓની અટકાયત કરી. સુપ્રીમ કોર્ટે શાંતિપૂર્ણ રીતે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓને રાહત આપવાનો આદેશ આપ્યો છે, પરંતુ એ પણ સ્પષ્ટ કર્યું છે કે ગુનાહિત રેકોર્ડ ધરાવતા અથવા હિંસામાં સામેલ લોકો આનો લાભ મેળવશે નહીં. દેશવ્યાપી વિદ્યાર્થી વિરોધ બાદ, હવે સૌથી મોટો પ્રશ્ન એ છે કે વિદ્યાર્થીઓ સામે દાખલ કરાયેલી FIR ક્યારે પાછી ખેંચી લેવામાં આવશે. પોલીસ કહે છે કે હજારો શંકાસ્પદો અને ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતા વ્યક્તિઓ વિરોધ પ્રદર્શનમાં સામેલ હતા. પરિણામે, વિદ્યાર્થીઓ અને તોફાનીઓની સંપૂર્ણ ઓળખ ન થાય ત્યાં સુધી ૧૦૦ થી વધુ FIR તાત્કાલિક પાછી ખેંચી લેવામાં આવે તેવી શક્યતા ઓછી લાગે છે. કયા રાજ્યમાં કેટલા કેસ દાખલ થયા, કેટલા પાછા ખેંચવામાં આવી રહ્યા છે, અને સુપ્રીમ કોર્ટના આદેશમાં ક્યાં સમસ્યા છે?



જંતર-મંતર અને દિલ્હીના અન્ય વિસ્તારોમાં વિરોધ પ્રદર્શન દરમિયાન, પોલીસે કુલ ૨૦ ઋઈછ દાખલ કરી હતી. પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે વિરોધ પ્રદર્શનની આડમાં હિંસા અને અશાંતિ ભડકાવનારા આશરે ૨,૮૦૦ વ્યક્તિઓનો અગાઉ ગુનાહિત રેકોર્ડ હતો અથવા તેઓ રીઢો ગુનેગાર હતા. આમ, દેશભરમાં ૩,૦૦૦ થી વધુ તોફાનીઓની ઓળખ કરવામાં આવી છે. NEET પેપર લીક સામે અને CJP ના સમર્થનમાં ૨૫ જુલાઈના રોજ બિહારમાં એક મોટો દેખાવ થયો હતો. પોલીસ કાર્યવાહીના પરિણામે ૬૯૪ લોકોની અટકાયત કરવામાં આવી હતી. જેમાંથી આશરે ૪૦૫ હજુ પણ ન્યાયિક કસ્ટડીમાં છે. રાજ્ય સરકારે વિરોધ પ્રદર્શન સંબંધિત ૬૪ FIR પાછી ખેંચવાની પ્રક્રિયા શરૂ કરી છે. પટણા જિલ્લામાં વિદ્યાર્થીઓના વિરોધ સંબંધિત ૨૭ FIR પાછી ખેંચી લેવામાં આવી રહી છે. પટણાના સરકારી વકીલ રાજેશ કુમારના જણાવ્યા અનુસાર, કાનૂની પ્રક્રિયા પૂર્ણ થયા પછી બુધવારથી વિદ્યાર્થીઓની મુક્તિ શરૂ થવાની ધારણા છે.

મહારાષ્ટ્રમાં, ૨૩ અને ૨૪ જુલાઈના રોજ મુંબઈ, પુણે અને નાગપુર સહિત અનેક શહેરોમાં પ્રદર્શનો થયા હતા. વધુમાં, ૧૮ જુલાઈથી રાજ્યભરમાં વિદ્યાર્થીઓના સમર્થનમાં પ્રદર્શનો ચાલુ છે. એકલા મુંબઈમાં જ ૧૮ જુલાઈથી ૨૩ જુલાઈ દરમિયાન ૧૩ એફઆઈઆર નોંધાઈ હતી, જેમાં ૪૦૦ લોકોનું નામ છે. મુખ્યમંત્રી અને ગૃહમંત્રી દેવેન્દ્ર ફડણવીસે ગૃહ વિભાગને વિરોધ પ્રદર્શનો સંબંધિત તમામ એફઆઈઆર પાછી ખેંચવાનો નિર્દેશ આપ્યો છે. મોટાભાગના કેસ ગેરકાયદેસર રીતે ભેગા થવાના છે. જોકે, સરકારે હજુ સુધી કુલ એફઆઈઆર જાહેર કરી નથી.

આસામ સરકારે વિદ્યાર્થીઓ સામે કાર્યવાહી ન કરવાનો નિર્ણય લીધો છે. ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ અજય તિવારીના જણાવ્યા અનુસાર, વિરોધ પ્રદર્શનો સંબંધિત પાંચ કેસ પાછા ખેંચવામાં આવશે અને ધરપકડ કરાયેલા ૧૩ વ્યક્તિઓને મુક્ત કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. કોલકાતામાં વિરોધ પ્રદર્શનો દરમિયાન અથડામણ થઈ હતી. કોલકાતા પોલીસે સાત એફઆઈઆર નોંધી હતી. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ, ધરપકડ કરાયેલા ૧૬ વ્યક્તિઓને મંગળવારે જામીન આપવામાં આવ્યા હતા. રાજ્ય સરકારે એ પણ સ્પષ્ટતા કરી છે કે વિદ્યાર્થીઓ સામે કોઈ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે નહીં.

રાજસ્થાનમાં વિદ્યાર્થી નેતાઓ અને સરકારી પ્રતિનિધિઓ વચ્ચેની બેઠક બાદ, સરકારે સ્પષ્ટતા કરી છે કે વિરોધ પ્રદર્શનો સંબંધિત કોઈ એફઆઈઆર નોંધવામાં આવી નથી, અને ન તો આગળ કોઈ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે. દરમિયાન, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ અને અન્ય રાજ્યોમાં, NEET પેપર લીક સામેના વિરોધ પ્રદર્શન દરમિયાન કેટલાક વિદ્યાર્થીઓને નિવારક કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટની કડક ટિપ્પણી બાદ, આ રાજ્યોમાં પોલીસે ગુનાહિત રેકોર્ડ વિનાના વિદ્યાર્થીઓ સામે દાખલ કરાયેલી ફરિયાદો પાછી ખેંચવાની અથવા રદ કરવાની પ્રક્રિયા પણ શરૂ કરી દીધી છે.

# ચીનમાં કોરોનાના કેસ વધ્યા

## શું વુહાન જેવી સ્થિતિ પાછી સર્જાશે? શું ભારતે ડરવાની જરૂર ?

નવીદિલ્હી, તા.૨૯

ચીનમાં ફરી એકવાર કોરોનાવાયરસના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે. જોકે, આ વખતે પરિસ્થિતિ ૨૦૨૦ ના વુહાન રોગચાળા જેટલી ગંભીર નથી. ચીની આરોગ્ય અધિકારીઓ કહે છે કે આ વખતે ચેપ ઝડપથી ફેલાઈ રહ્યો છે, પરંતુ મોટાભાગના દર્દીઓમાં હળવા લક્ષણો છે અને ગંભીર કેસોની સંખ્યા ખૂબ ઓછી છે. જૂનમાં, ચીનમાં આશરે ૭૯,૦૦૦ નવા કોરોનાવાયરસ કેસ નોંધાયા હતા. તેમાંથી ૧૩૦ દર્દીઓ ગંભીર સ્થિતિમાં હતા, અને એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું.

ચાઇના સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન (ચાઇના સીડીસી) અનુસાર, ઓમિક્રોન વેરિઅન્ટ ગઇ.૧.૮.૧ હાલમાં દેશમાં સૌથી વધુ વ્યાપક વેરિઅન્ટ છે. આ વેરિઅન્ટ હવે મધ્યમ સ્તરે ફેલાઈ રહ્યો છે. ૧૩ થી ૧૯ જુલાઈ સુધીના સીડીસીના ડેટા અનુસાર, કોરોનાવાયરસ પરીક્ષણોનો પોઝિટિવિટી દર વધીને ૧૬.૩% થયો છે, જે એક અઠવાડિયા પહેલા લગભગ ૧૨% હતો. દરમિયાન, ઈન્ફ્લ્યુએન્ઝા પોઝિટિવિટી દર ઘટીને ૧૨.૬% થયો છે. આનો અર્થ એ છે કે આ વર્ષે પહેલીવાર, ઈઘટઈઉ-૧૯ ફ્લૂ કરતાં વધુ ચેપી ચેપ બન્યો છે. ચીનના આરોગ્ય અધિકારીઓ કહે છે કે મોટાભાગના દર્દીઓમાં તાવ, ગળામાં દુખાવો અને શરદી જેવા હળવા લક્ષણો જોવા મળે છે. મોટાભાગના ૫ થી ૭ દિવસમાં સ્વસ્થ થઈ જાય છે. નિષ્ણાતો કહે છે કે ઉનાળા દરમિયાન, લોકો એર-કન્ડિશન્ડ રૂમમાં વધુ સમય વિતાવે છે. વધુમાં, ઉનાળાની રજાઓ દરમિયાન મુસાફરી વધે છે, જેના કારણે વાયરસ ફેલાય છે. જો કે, ડોકટરો કહે છે કે નવા પ્રકારો પહેલા કરતા વધુ ગંભીર નથી. જ્યારે ચેપ વધ્યો છે, ત્યારે હોસ્પિટલમાં દાખલ થવા અને મૃત્યુ પ્રમાણસર વધ્યા નથી. ભારત માટે, ચિંતા કરવાનું કોઈ કારણ નથી. અત્યાર સુધી, એવા કોઈ સંકેત નથી કે ચીનમાં ફેલાતો ગઇ.૧.૮.૧ પ્રકાર પહેલા જેટલો ખતરનાક સાબિત થઈ રહ્યો છે. ભારતમાં આ પ્રકાર સાથે સંબંધિત કોઈ અસામાન્ય કેસ નોંધાયા નથી. તેમ છતાં, આરોગ્ય નિષ્ણાતો સલાહ આપે છે કે વૃદ્ધો, સગર્ભા સ્ત્રીઓ, નાના બાળકો, નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકો અને ગંભીર બીમારીઓથી પીડાતા લોકોએ સાવધાની રાખવી જોઈએ. જ્યારે ચીનમાં કોરોનાવાયરસના કેસ ચોક્કસપણે વધ્યા છે, ત્યારે વુહાન જેવા રોગચાળા અથવા મોટા આરોગ્ય સંકટનો તાત્કાલિક ભય નથી. ભારત માટે, હાલમાં સૌથી મહત્વપૂર્ણ બાબત ગભરાવાની નથી, પરંતુ સતર્ક રહેવાની છે.



# કોઈ મંત્રી ગોળીબાર કરવાનો આદેશ આપતા નથી

## રાહુલના આરોપ પર સરકારનો જવાબઃ વડા પ્રધાન બનવાની તેમની મહત્વાકાંક્ષા અધૂરી રહી, તેથી તેમણે વડા પ્રધાનના નિવાસસ્થાન પાસે બેસવાનું નક્કી કર્યું

નવીદિલ્હી, તા. ૨૯

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી દ્વારા પેલેટ ગનથી ફાયરિંગ અંગે પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં, કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે કોઈ ગોળી ચલાવવામાં આવી નથી. અધિકારીઓ ગોળીબાર કરવાનો આદેશ આપે છે, સરકાર નહીં. જો વિરોધ પ્રદર્શન દરમિયાન વિદ્યાર્થીઓ પર કોઈ ગોળીબાર ન થયો હોય, તો પછી કોણે આદેશ આપ્યો? જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે ગોળીબાર કરવાનો આદેશ મંત્રીએ નહીં, મેજિસ્ટ્રેટે આપ્યો હતો. રાહુલ તથ્યો વિના નિવેદનો આપે છે. ૨૧ જુલાઈના રોજ, રાહુલ વડા પ્રધાનના નિવાસસ્થાન પાસે બેઠા હતા. વડા પ્રધાન બનવાની તેમની મહત્વાકાંક્ષા અધૂરી રહી, તેથી તેમણે વડા પ્રધાનના નિવાસસ્થાન પાસે બેસવાનું નક્કી કર્યું. જિતેન્દ્ર સિંહે લોકસભામાં જણાવ્યું હતું કે તેઓ શરૂઆતમાં આંદોલનમાં જોડાવા માટે અનિચ્છા ધરાવતા હતા, કારણ કે તેઓ વિચારતા હતા કે તે આમ આદમી પાર્ટીનું આંદોલન છે. જોકે, જ્યારે તેમને લાગ્યું કે આંદોલન વેગ પકડી રહ્યું છે, ત્યારે તેઓ તેમાં જોડાયા. જ્યારે તેમને વડા પ્રધાનના નિવાસસ્થાન નજીકથી ઉપાડવામાં આવ્યા, ત્યારે તેઓ શરમજનક રીતે ચાલ્યા ગયા.

તેમણે ફક્ત એટલું જ કહ્યું કે સરકારમાં રહેલા સાંસદોએ રાહુલ ગાંધીનો વિરોધ કરવાનું શરૂ કર્યું. તેમણે કહ્યું કે આવા આરોપો તથ્યો



વિના કરી શકાતા નથી. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ રાહુલ ગાંધીને અટકાવીને કહ્યું કે કાર્યવાહી આ રીતે આગળ વધી શકે નહીં. સભ્યો પર અધ્યક્ષનો અનાદર કરવાનો આરોપ લગાવતા, બિરલાએ કહ્યું કે ગૃહના રેકોર્ડ લાંબા સમય સુધી સાચવવામાં આવે છે, તેથી ગૃહમાં આપવામાં આવતા નિવેદનો તથ્યો દ્વારા સમર્થિત હોવા જોઈએ.

અધ્યક્ષે કહ્યું, નસ્ત્રવિપક્ષના નેતા તરીકે, તમારે તથ્યો અને બિલ પર બોલવું જોઈએ.સ્ત્રસ્ત્ર બિરલાએ ગાંધીને એમ પણ કહ્યું કે જો તેઓ પોતાનું ભાષણ ચાલુ રાખવા માંગતા નથી, તો તેઓ આગામી વક્તાને ચર્ચામાં ભાગ લેવા માટે બોલાવશે. જોકે, રાહુલ ગાંધીએ પોતાનું વલણ પુનરાવર્તિત કર્યું. તેમણે કહ્યું કે ગોળીબાર કરવાનો આદેશ કાં તો ગૃહમંત્રી દ્વારા આપવામાં આવ્યો હતો અથવા નિર્ણય વડા પ્રધાનના સ્તરે લેવામાં આવ્યો હતો.તેમણે કહ્યું, નસ્ત્રઆપણી સિસ્ટમ ખૂબ જ ખરાબ અને નિર્દય છે. દરેક વસ્તુનું ખાનગીકરણ થઈ રહ્યું છે. તે ગેરવસૂલીનો સિસ્ટમ છે, તે ખૂબ જ ક્રૂર અને ભ્રષ્ટ સિસ્ટમ છે. છજ્જ એ આ સિસ્ટમનો આત્મા કબજે કરી લીધો છે. રાજનાથ સિંહે કહ્યું કે આપણે ઞડ્ઢ નથી, અમારા મંત્રીઓ ક્યારેય રાજીનામું આપતા નથી. તેઓ સાચા છે. ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું એક બનાવટી છે કારણ કે ધર્મેન્દ્ર પ્રધાન ક્યારેય શિક્ષણ મંત્રાલય ચલાવતા નથી. શિક્ષણ મંત્રાલય ચલાવતી સંસ્થા છજ્જ છે. તેને ચલાવનાર વ્યક્તિ મંત્રીના કાર્યાલયમાં બેઠેલા ઘજીઉ છે. તેથી, વિદ્યાર્થીઓ ખરેખર ગુસ્સે છે કારણ કે તેમને ભારતમાં વિદ્યાર્થી બનવાની, તેમના જુસ્સાને અનુસરવાની, તેમના મનની વાત કરવાની અને તેમના માટે મહત્વપૂર્ણ પ્રશ્નો પૂછવાની મંજૂરી નથી. તેમણે છજ્જ ના બનાવટી અને વાહિયાત ઇતિહાસને સ્વીકારવો પડશે. ધર્મેન્દ્ર પ્રધાન ફક્ત એક પ્રતીક છે; વાસ્તવિક દુશ્મન છજ્જ છે. તેઓ ઇચ્છે છે કે તમે પઅંધ ભક્તથ બનો.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# પ્રાસંગિક

## કબીર સાહેબનાં ગુરુ પરંપરાને પૂરવાર કરતાં દોહા, સદગુરુ તત્વને કંઈ રીતે ઉદ્દઘાટિત કરે છે?



ગઈકાલે શિષ્યનાં અમૂલ્ય અહોભાવને વ્યક્ત કરતું પર્વ ગયું! સૌએ પોતપોતાની શ્રદ્ધા પ્રમાણે ગુરુ વંદના કરી. સૌપ્રથમ તો આપણે જોયું એમ સદગુરૂ એ આપણી પસંદ મુજબ નક્કી થતાં નથી, આ એક અસ્તિત્વની પૂર્ણ ને પરમ વ્યવસ્થા છે. તદુપરાંત સદગુરુ પોતે ક્યારે ગુરુ છે, એવું જતાવતા નથી, તે એક સંપૂર્ણ જ્ઞાની સાધુ તરીકે જીવે છે. તે સંસારી પણ હોઈ શકે, અને સન્યાસી પણ હોઈ શકે. તેની કોઈ પણ અવસ્થા કે કક્ષા એ સાધક માટે બાધ્ય હોવી જોઈએ નહીં, એટલે કે તેનાથી શિષ્ય કે સાધકને ફેર પડવો જોઇએ નહીં. મોટેભાગે સૌથી વધુ અહીં જ સમસ્યા થતી હોય છે, એટલે કે એ સદગુરુ જો સંસારી હોય તો, સાધક તેનાં વ્યવહાર પરથી વારેવારે એમ વિચારે કે, આ શું મને ઈશ્વરનો ભેટો કરાવશે? અને તેનો ભરોસો ડગતો દેખાય. જેટલી જેટલી વાર સાધક કે શિષ્યના મનમાં આ પ્રકારના વિચાર આવે, એટલો તે સદગુરુ તત્વથી હજી દૂર છે, એવું સાબિત થાય. વચનની તો પછી વાત આવે, પહેલા ગુરુની દિનચર્યા અને વ્યવહારોમાં પણ ભરોસો રાખવો પડે. કારણ કે તેનું જાહેરમાં જીવન અલગ હોય છે, અથવા તો એવી કક્ષાએ પહોંચ્યા હોય કે, જ્યાં તેને કોઈપણ પ્રકારનાં ભોગ હલાવી શકે નહીં. ઈશ્વર સાથેનું તેનું અનુસંધાન કોઈ કાળે તૂટે નહીં. આવાં ગુરુ તત્વને નરસિંહ મહેતા, મીરાં, કબીર, અને તુલસી, જેવાં ઘણાં તત્વ ચિંતકો એ લોક પાચ્ય બનાવતાં પદ,ભજન, કીર્તન, અને દોહા આપી લોક સાહિત્યને વૈભવી બનાવ્યું છે. નરસિંહને તો આપણે છેલ્લા બે વર્ષથી દર ગુરૂવારે આત્મસાત કરીએ જ છીએ! પરંતુ સંત કબીર કે કબીર સાહેબના નામે ગુરુ ભક્તિનાં પારાવાર પૂરાવા આપતાં દોહા છે, તો આ બે દિવસ આપણે હજી સદગુરુ તત્વ પર ચિંતન કરીશું.

૧)ગુરુ ગોવિંદ દોઉ ખડે, કાકે લાગું પાય?<br>બલિહારી ગુરુ આપને, ગોવિંદ દિયો બતાય.

જો ગુરુ અને ભગવાન બંને સામે ઉભા હોય તો પહેલા ગુરુને પ્રણામ કરવા જોઈએ, કારણ કે ગુરુએ જ આ ભગવાન છે એમ પરિચય કરાવ્યો. આધ્યાત્મિક રીતે કહીએ તો

પરમાત્માની પ્રાપ્તિનો માર્ગ સદગુરુ બતાવે છે. કારણ કે મનુષ્ય ભગવાનને મંદિર અને મૂર્તિ માં જ શોધતો હોય છે,પણ સદગુરુ જ એને એની આસપાસ વસતા સર્વમાં પણ એ જ ઈશ્વર છે એનો અનુભવ કરાવે છે! આમ ગુરુ વિના ઈશ્વરનું સાચું સ્વરૂપ સમજવું અઘરું છે. તેથી ગુરુ ઈશ્વર સુધી પહોંચાડનાર સેતુ છે.

૨)ગુરુ બિન જ્ઞાન ન ઉપજે, ગુરુ બિન મળે ન ભેદ;<br>ગુરુ બિન સંશય ના મિટે, જય જય શ્રી ગુરુદેવ.

શિક્ષક કે માર્ગદર્શક વિના સાચું જ્ઞાન મળતું નથી અને મનની મૂંઝવણ દૂર થતી નથી. આધ્યાત્મિક રીતે મૂલવીએ તો, સદગુરુ જ ખુદની અંદર શ્વસતા આત્મા અને પરમાત્મા એક જ છે એ રહસ્યનો ભેદ સમજાવે છે. તેમણે કરાવેલ અનૂભૂતિથી અજ્ઞાન અને સંશયનો અંત આવે છે.

૩)સબ ધરતી કાગદ કરું, લેખની સબ બનરાય;<br>સાત સમુદ્ર કી મસી કરું, ગુરુ ગુણ લખા ન જાય.

આખી ધરતી કાગળ બની જાય અને સાત સમુદ્ર શાહી બની જાય તો પણ સદગુરુ નાં ગુણ આલેખી શકાય નહીં.આધ્યાત્મિક રીતે મૂલવીએ તો સદગુરુની કૃપા અનંત છે, દસે દિશામાં પ્રકાશ ફેલાવે છે. તેમણે આપેલું જ્ઞાન અને ચેતનાનો પ્રકાશ ક્યારેય શબ્દોમાં પૂર્ણ રીતે વ્યક્ત થઈ શકતો નથી.

૪)ગુરુ કુંભાર શિષ્ય કુંભ છે, ગઢી ગઢી કાઢે ખોટ;<br>અંદર હાથ સહાર દે, બહાર મારે ચોટ.

ગુરુ શિષ્યના દોષ દૂર કરે છે. ક્યારેક કડક બને છે, પણ અંદરથી પ્રેમ અને સહારો આપે છે.આધ્યાત્મિક રીતે મૂલવીએ તો સદગુરુ શિષ્યના અહંકાર અને અજ્ઞાનને દૂર કરવા માટે ક્યારેક કુંભાર જેમ બહારથી થપાટ મારે છે એટલે કે એને એવા અનુભવની એરણે ચડાવી તેને આત્મજ્ઞાન માટે તૈયાર કરે છે! અને તૂટી ન જાય એટલે અંદરથી સહારો પણ આપે છે.

૫)જાકા ગુરુ છે આંધળા, ચેલા ખરા નિરંધ;<br>આંધા આંધા ઠેલિયા, દોઉ કૂપ પડંત.

જો માર્ગદર્શકને જ સાચો માર્ગ ખબર ન હોય તો તે પોતે પણ ભટકે અને બીજાને પણ ભટકાવે.આધ્યાત્મિક રીતે મૂલવીએ તો અપૂર્ણ ગુરુ પોતે આંધળો હોય એ રીતે અજ્ઞાન ને દોહરાવે છે! મતલબ કે અહંકાર અને અહમ જ જ્ઞાનનો દુશ્મન છે એવું સમજાવવાની બદલે અહંકાર ને પોષણ આપે છે. આવા ગુરુનો આશ્રય લેનાર શિષ્ય પણ આત્મજ્ઞાનથી વંચિત રહે છે.

ઈશ્વર તત્વને ને સ્વીકારવું કે ન સ્વીકારવું! એ કદાચ મનુષ્યનો અંગત પ્રશ્ન હોય, પણ જો એને અધ્યાત્મ માર્ગે સફર ખેડવી હોય અને જીવ શિવનાં અસ્તિત્વને જીવતાં જ જોવું, જાણવું, અને માણવું, હોય તો એની પાસે સદગુરુ કૃપા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી, આ માર્ગ એવો છે, જ્યાં માત્રને માત્ર કોઈની આંગળી પકડીને જ પહોંચી શકાય છે! કારણ કે માહિતીને આધારે સફર તો આપણે તય કરીએ! પરંતુ આ એ જ છે જેને તું શોધે છે, એવું પ્રમાણપત્ર મળે નહીં ત્યાં સુધી ઈશ્વર પણ ઓળખાતો નથી! સદગુરુ ઈશ્વર વિશેની આપણી તમામ કલ્પના અને ધારણાને જડ મૂળથી દૂર કરી નાંખે છે, અને છતાં જેનું દર્શન કરાવે છે, એને શરીરનું એક એક રુંવાડુ ઈશ્વર તરીકે સ્વીકારે છે. માટે જ આવાં સદગુરુનો મહિમા ગાવા માટે ગુરુ પૂર્ણિમાનો ઉત્સવ મનાવવામાં આવે છે. ભારતીય વૈદિક શાસ્ત્રોમાં સંન્યાસી માટેની ખૂબ અર્થ પૂર્ણ માહિતી ભરી પડી છે! પરંતુ સંન્યાસ હોય કે સંસાર શિખર સુધી દોરનાર તો સદગુરુ જ છે! અને સંસારીને તો પોતાનાં શરીરનાં નવ દ્વારમાં આસપાસનાં દૂષિત સમાજમાંથી કોઈ વિકાર ઘૂસી જાય નહીં એનું ધ્યાન રાખવાનું છે! અને ક્યારેક ક્યારેક તો સુખ નામે ભોગવાતા પદાર્થો જ અંદર જઈ ઝેર ફેલાવે છે! એટલે કે વિકાર વધારે છે! અધ્યાત્મ ને વિજ્ઞાન કહેવામાં આવ્યું છે, અને એટલે જ આ વિકારો વિકાસ માટે બાધારૂપ બને છે, અને જ્યાં સુધી એની આડઅસર માંથી બહાર આવીએ નહીં, ત્યાં સુધી આગળ વધવું મુશ્કેલ છે! સદગુરુ અહીં દરેક દ્વાર પર શિસ્ત, સંયમ, નિયમ, ધીરજ, અને જાગૃતિનું સુક્ષ્મ તાળું મારે છે, અને જો શિષ્ય સફળ થાય તો વિદ્યા આપી વિદ્વાન બનાવે છે, અને આ વિદ્યા પણ દિપક જેમ સ્વયંને પ્રકાશિત કરી શકે છે, એવું જ્ઞાન આપે છે. સદગુરુ આકાશગંગાનો એવો ગ્રહ છે, જે ક્યારેય શિષ્યને નડતો નથી, અને બીજા ગ્રહ નડે નહીં એ માટે એ ક્યારેક અવકાશી ગ્રહને અનૂકૂળ કરે, અને ક્યારેક શિષ્યનું સ્થાન બદલી એને અનૂકૂળ કરે છે. ટૂંકમાં સદગુરુની કૃપા વગર આપણે આપણા ખુદનાં અસતિત્વને ઓળખી શકતા નથી, અને માટે મનુષ્ય તરીકે જન્મ પામ્યા છતાં મુક્તિ, મોક્ષ, કે નિર્વાણથી દૂર રહી! સતત ભોગમાં રત રહીને લૌકિક મૃત્યુ કે જે અત્યંત કષ્ટ દાયક છે, એનું વરણ કરીએ છીએ.જય સીયારામ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

કાલાવડ રોડ પર યોગીદર્શન સોસાયટીના બાંસઠ વર્ષના વૃધ્ધા ફેસબૂક પર જાહેરાત જોઇ લિંક પર ક્લીક કરતાં જ બની ગયા હતાં ગઠીયાઓનો શિકારઃ બે વર્ષ સુધી નાણા પડાવ્યે રાખ્યા હતાં

# વૃધ્ધા સાથે ૮૪ લાખની ઠગાઈ કરનાર નોઈડાનો ઠગ ઝબ્બે

## હર્ષવર્ધન તરીકે વાત કરનારો મહમ્મદ ઇલ્તમસઅલી નીકળ્યોઃ ડોક્ટરનો સ્વાંગ રચનારા સહિતના સાગરીતોની શોધખોળઃ સાયબર ક્રાઇમ ઇન્સ. બી. બી. જાડેજા અને ટીમ દ્વારા તપાસનો ધમધમાટ

રાજકોટ,તા.૨૯

સોશિયલ મિડીયા પર અલગ અલગ લલચામણી જાહેરખબરો, રીલ્સ મુકીને લોકોને છેતરી લેતાં ગઠીયાઓ સામાન્ય રીતે રોકાણ પર નફાના નામે ફ્રોડ વધુ આચરે છે. આ વચ્ચે શહેરના કાલાવાડ રોડ પર આવેલી યોગીદર્શન સોસાયટીમાં રહેતા બાંસઠ વર્ષીય વૃધ્ધાએ ફેસબૂક પર ઓનલાઈન વજન ઘટાડવાની દવાની એડવર્ટાઈઝમેન્ટ જોઇ લિંક ઓપન કરતાં અને ફોર્મ ભરતાં ગઠીયાઓએ તેમની સાથે ડોક્ટરના નામે તેમજ અલગ અલગ વ્યક્તિના નામે વાત કરી નાણા મંગાવી દવા મોકલી બાદમાં તમે મોકલેલા નાણા કંપનીને મળ્યા નથી, તમે ફરી થોડા નાણા મોકલો તો તમારી રકમ તમને મળી જશે, નહિ મોકલો તો ચેરીટીમાં રકમ જતી રહેશે તેમ કહી ડરાવી આરબીઆઇના નામે બીલ મોકલી, તેલંગણા હાઇકોર્ટનો ઓર્ડર મોકલી નાણા પરત મેળવવાની ફાઇલ તૈયાર કરવાના નામે રીઝર્વ બેંકના કર્મચારીની ઓળખ આપી કટકે કટકે રૂા. ૮૪,૩૮,૫૮૪ પડાવી લીધા હતાં. આ કારસ્તાનમાં રાજકોટ સાયબર ક્રાઇમ પોલીસે દિલ્હી નોઇડામાં રહેતાં મુળ યુપીના ગઠીયાને દબોચ્યો છે.

વિગતે વાત કરીએ તો આ બનાવમાં સાયબર ક્રાઇમ પોલીસે કાલાવડ રોડ સ્વામિનારાયણ મંદિર પાછળ ધર્મભક્તિ યોગીદર્શન સોસાયટી-૨ ખાતે રહેતાં બાંસઠ વર્ષના કુસુમબેન પ્રદીપભાઇ ટાંક નામના વૃધ્ધાની ફરિયાદ પરથી વ્હોટ્સએપ નંબરના ધારક ડો. અમન મિશ્રા, મોબાઇલ નંબર ધારક શિવમ શર્મા, ડો. મુકલસિંહ, હર્ષધર્વન, દિપક ચોપડા અને જેના ખાતાઓમાં નાણા જમા થયા તે અલગ અલગ બેંક ખાતેદારો વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. કુસુમબેન ટાંકનો દિકરો દુબઇ રહે છે અને પોતે અહિ એકલા રહે છે. તેઓ સોશિયલ મિડીયામાં ફેસબૂક, વ્હોટ્એપનો ઉપયોગ કરે છે. તેમણે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૪માં હું ફેસબૂક જોતી હતી તેમાં એક વિડીયોમાં મેં વેઇટ લોકસ કરવા બાબતેની હર્બલ દવાની એડવર્ટાઇઝમેન્ટ જોઇ હતી. જેની નીચે એક લિંક હતી તે મેં ઓપન કરતાં એક ફોર્મ ખુલ્યું હતું. જેમાં મેં મારું નામ એડ્રેસ અને મોબાઇલ નંબરની માહિતી ભરી હતી. બીજા દિવસે સવારે મને મોબાઈલ નંબર ૭૮૨૭૯ ૬૪૯૮૮ પરથી ફોન આવ્યો હતો.



જેમાં હિન્દી ભાષામાં વાત કરનારે પોતે ન્યુટ્રીકા હેલ્થકેરમાંથી ડો. અમન મિશ્રા બોલે છે તેમ કહ્યું હતું. બાદમાં તેણે મને મારી ઉંચાઇ, વજન અને શારીરિક તકલીફો અંગેની વિગતો પુછી હતી અને બાદમાં એક માસની રૂ. ૪,૦૦૦ દવાનો ઓર્ડર લેવડાવ્યો હતો. આ પછી તેણે કહેલુ કે બે મહિનાની દવાના નામે વધુ રૂ. ૩,૦૦૦ થશે. જેથી મેં મારી નાની બહેન મારફત ડો. અમનને રૂપિયા મોકલી દીધા હતા. આ પછી ચાર-પાંચ દિવસ બાદ મને ફરીથી ડો. અમન મિશ્રાએ ફોન કરી પુછ્યું હતુ કે દવા આવી ગઇ કે કેમ? જેથી મેં તેને ના પાડી હતી. આથી તેણે ફરી પૈસા ભરવાનું કહ્યું હતું. આ રીતે ડો. અમને મારી પાસે લગભગ બે અઢી મહિના દરમિયાન અલગ અલગ પૈસા પડાવ્યા હતાં.

એ પછી કોઇ શિવમ શર્માએ પણ મને ન્યુટ્રીકા હેલ્થકેરની દવા માટે મોબાલઇલ નંબર ૯૮૭૩૦ ૩૩૭૦૮ ઉપરથી ફોન કરીવાતચીત કરી હતી. તેને પણ મેં વજન ઉતારવાની દવાના નામે પૈસા મોકલ્યા હતાં. થોડા સમય પછી વળી કોઇ ડો. મુકુલસિંહના નામથી મો. નં. ૭૮૨૭૧ ૧૫૬૨૦ ઉપરથી ફોન આવ્યો હતો. તેણે પણ હિન્દીમાં વાત કરી ડો. અમન મિશ્રાની જેમ મારી પાસેથી માહિતી મેળવી અલગ લઅગ દવાઓના પૈસા મંગાવ્યા હતાં. ત્રણ દિવસ પછી મારા ઘરે દવા આવી ગઇ હતી. જે અઠવાડીયા સુધી લીધી હતી. બાદમાં મુકુલસિંહે ફરી ફોન કરી હવે તમને કેમ લાગે છે? કોઇ ફેર પડ્યો કે નહિ? તેમ પુછતાં મેં તેને કહેલુ કે કોઇ ફરક પડ્યો નથી. આ પછી તેણે અગાઉ કરતાં વધુ પાવરવાળી દવા મોકલાવશે તેમ કહી વારંવાર મારી પાસે પૈસા માંગવાનું ચાલુ કર્યુ હતું.

હું આ રકમ મારા નાના બહેન ભાનુબેન તથા પાડોશી નામલબેન, મારા દિકરાના મિત્ર નાગરાજ મારફત મોકલી હતી. આ રીતે છએક મહિના સુધી મેં રકમ મોકલી હતી. બાદમાં કોઇ હર્ષવર્ધન નામના શખ્સે મને મો. ૯૮૭૩૦ ૩૩૭૦૮ ઉપરથી ફોન કરી તેણે પણ ન્યુટ્રીકા હેલ્થેકરમાંથી બોલે છે તેમ કહી પુછેલુ કે તમે જે દવા લીધી તેના ટોટલ રકમ જમા કરાવી તે કંપનીમાં જમા થઇ નથી, હવે તમને આ રકમ પરત મળી જશે. જો તમે થોડા રૂપિયા જમા કરાવશો તો જ તમને રકમ મળશે. આ પછી તેણે ફરી ફોન કરી કહેલુ કે હવે તમે મોડુ કરી નાંખ્યું છે, તમારે પેનલ્ટી સાથે પાછા પૈસા ભરવા પડશે. જો નહિ ભરો તો રકમ ચેરીટીમાં જતી રહેશે. જેથી મેં પાછા તેણે જણાવ્યા મુજબ રૂપિયા તેણે જણાવેલા બેંક ખાતામાં જમા કરાવ્યા હતાં.

**ગઠીયાના બેંક એકાઉન્ટમાં રહેલી ૨૫ લાખ ૩૬ હજારની રકમ સીઝ કરાઇઃ રોકડ, લેપટોપ, ચેકબૂક, પાસબૂક, મોબાઇલ ફોન કબ્જે**

આ પછી તેણે કહેલું કે હવે તમારી ફાઇલ તૈયાર કરવી પડશે, ફાઇલ તૈયાર કરવાના ફરીથી પૈસા મોકલવા પડશે. આ પછી અન્ય એક મોબાઇલ નંબર ૯૩૬૮૭ ૩૦૦૮૭ ઉપરથી દિપક ચોપડાના નામે કોઇએ ફોન કરી કહેલું કે- તમારી ફાઇલ બનાવવાનું કામ હું કરુ છું, તમારે ફાઇલ માટે નાણા મોકલવા પડશે તેમક કહેતાં મેં તેને પણ રકમ મોકલી હતી. કેટલી રકમ હતી તે મને યાદ નથી. આ પછી હર્ષવર્ધનનો ફરી ફોન આવ્યો હતો. આથી મેં તેને કહ્યું હતું કે મારી પાસે હવે પૈસા નથી તમે બધા મને હેરેસમેન્ટ કરો છો. આ સાંભળી હર્ષવર્ધને કહેલું કે તમે ચિંતા ન કરો, હું રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયામાં કામ કરુ છું, દિપક ચોપડાનું બધુ કામ હું જ સંભાળુ છું. આ પછી હર્ષવર્ધને મને તેલંગણા હાઇકોર્ટનો એક ઓર્ડર મોકલ્યો હતો અને આરબીઆઇના નિયમ કુજબના બીલની પીડીએફ પણ મોકલી હતી. આ ઉપરાંત જીએસટીના અલગ અલગ ચાર્જના નામે મારી પાસેથી વધુ ને વધુ પૈસા માંગવા માંડ્યો હતો.

જેથી હું તેણે જણાવેલા બેંક ખાતામાં રૂપિયા જમા કરાવતી ગઇ હતી. તેલંગણા હાઇકોર્ટનો ઓર્ડર અંગ્રેજીમાં હોઇ મેં મારા ભાણેજ કરણને આમાં શું લખ્યું છે? તે પુછવા તેને વ્હોટ્સએપમાં મોકલતાં તેણે મારા દિકરાને વાત કરી હતી. બાદમાં મેં ૨૦૨૪થી અત્યાર સુધીની હકિકત મેં દિકરાને જણાવી હતી. આ પછી મારા દિકરાએ આ ફ્રોડ હોવાનું જણાવી બેંક ટ્રાન્ઝેક્શન અને ટ્રાન્સફર આઈડીની વિગતો એકઠી કરીને સાયબર ક્રાઇમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર કોલ કરી અરજી નોંધાવી હતી. જેના આધારે મેં એફઆઇઆર નોંધાવી છે. તેમ વધુમાં કુસુમબેન ટાંકે જણાવતાં એસીપી ભરત બી. બસીયાની રાહબરીમાં પીઆઇ બી. બી. જાડેજાએ ગુનો નોંધી મહમ્મદ અલ્તમસઅલી અસફરઅલી ઉર્ફે હર્ષવર્ધન (રહે. હરોલ્લા, કે બ્લોક મકાન નં. ૧૮૦, સેક્ટર ૫ નોઇડા દિલ્હી, મુળ વતન ખુખુંદુ થાના સલેમપુર જી. દેવરીયા, યુપી)ને પકડી લીધો છે. ચોવીસ વર્ષના આ ગઠીયાની વિશેષ પુછતાછ માટે રીમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરાઇ હતી.

પોલીસ સુત્રોના કહેવા મુજબ આ આરોપીના એક એકાઉન્ટમાં રૂા. ૨૫,૩૬,૮૯૨ની રકમ હોઇ તે સીઝ કરાઇ છે. તેમજ અલગ અલગ ત્રણ બેંક પાસબૂક, એટીએમ કાર્ડ, પાંચ ચેકબૂક, લેપટોપ, આઇફોન, રીયલમી ફોન, રોકડા રૂા. ૮૧૫૦૦ કબ્જે કરાયા છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલિક, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી ભરત બી. બસીયાની સુચના અનુસાર પીઆઇ બી. બી. જાડેજા, પીએસઆઇ એ. એમ. ઝાલા, એએસઆઇ જયદેવભાઇ બોસીયા, કોન્સ. કિશોરભાઇ રંગાણી વધુ તપાસ કરે છે. આ આરોપી ભોગ બનનાર વૃધ્ધા સાથે હર્ષવર્ધન બનીને વાત કરતો હતો અને નાણા પડાવતો હતો. તેની સાથેના સાગ્રીતોને ઝડપી લેવા તપાસ આગળ ધપાવાઇ છે.

ભીલવાસમાં એક સમયે દારૂ વેંચવાનો એક જ શખ્સને પીળો પરવાનો હતો, જે સદંતર બંધ થયો હતોઃ હવે નવા ધંધાર્થીઓ મેદાને આવતાં પોલીસ પણ સક્રિય બની

# બે છાપેલા કાટલાનો દારૂનો જથ્થો ઝડપાયો

રાજકોટ,તા.૨૯

એક સમયે ભીલવાસ વિસ્તારમાં એક જ શખ્સનો દારૂ વેંચાતો હતો. શહેરભરની પોલીસની મીઠી નજર તળે કે પછી ગમે તે હોય આ શખ્સ બેરોકટોક દારૂનો ધંધો કરતો હતો. પરંતુ એલસીબી ઝોન-૨ના જે તે વખતના પીએસઆઇ રામદેવસિંહ ઝાલા અને તેમની ટીમે આ વિસ્તાર પોતાના ઝોનમાં આવતો હોઇ આ શખ્સને દારૂનો ધંધો સદંતર બંધ કરાવી દીધો હતો. જે આજ સુધી ફરી આ ધંધે ચડ્યો નથી. ત્યાં હવે ભીલવાસમાં ફરી નવા દારૂના વિક્રેતા સક્રિય થયા હોય તેમ એલસીબી ઝોન-૨ ટીમે આ વિસ્તારમાં બે દરોડા પાડી દારૂનો જથ્થો ઝડપી લીધો છે. આ જથ્થો જેની ઓરડીમાંથી ઝડપાયો એ બંને છાપેલા કાટલા છે. તેની શોધખોળ થઇ રહી છે. તો એક શખ્સને વાહનમાં દારૂ સાથે પકડી તેમાં પણ ભીલવાસના એક શખ્સનું નામ ખોલાવાયું હતું. વિગતો પર નરજ કરીએ ભીલવાસમાં મણીની વાડી તરીકે ઓળખાતા વિસ્તારમાં આવેલી ઓરડીમાં વિદેશી દારૂનો જથ્થો ઉતર્યો હોવાની બાતમી પરથી એલસીબી ઝોન-૨ ટીમે દરોડો પાડી રૂા. ૧,૬૦,૮૦૦ની કિંમતનો વિદેશી દારૂ કબ્જે કર્યો છે. આ ઉપરાંત પારસી અગીયારી ચોકમાં એક શખ્સને ટુવ્હીલર પર દારૂની હેરફેર કરતા પકડ્યો હતો. તેની પાસેથી ૨૪ બોટલ દારૂ મળ્યો હતો. દારૂ જૂગારની પ્રવૃતિ અટકાવવા ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે ભીલવાસમાં ઇદગાહ મસ્જીદ પાછળ મણીની વાડી પાસે આવેલી સદામ ઉર્ફે ગડો સમશેરભાઇ કાથરોટીયાએ ઇરફાન નજીરભાઇ ઠાસરીયા સાથે મળી ઓરડીમાં દારૂનો જથ્થો ઉતાર્યો છે. આને આધારે દરોડો પાડવામાં આવતાં ઓરડીમાંથી રૂા. ૧,૬૦,૮૦૦ની કિંમતના ૧૮૦ એમએલ વ્હીસ્કીના ૪૮૦ 'ચપલા' મળી આવ્યા હતાં.



**બંને શખ્સોની અનેક ગુનાઓમાં સંડોવણીઃ આ સ્થળેથી અન્ય એક શખ્સ પણ પકડાયો, તેમાં પણ ભીલવાસના શખ્સનું નામ ખુલ્યુંઃ એલસીબી ઝનો-૨ ટીમના બંને દરોડા**

જો કે ઓરડીમાં સદામ ઉર્ફે સમશેર અને ઇરફાન ઠાસરીયા હાજર ન હોઇ બંને સામે ગુનો દાખલ કરી દારૂ કબ્જે કર્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ સદામ ઉર્ફે ગડો કાથરોટીયા અને ઇરફાન બંને અગાઉ પણ ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ચુક્ય છે. જેમાં સદામ વિરૂધ્ધ એ-ડિવીઝન, પ્ર.નગરમાં ઠગાઇ, ચોરી, મારામારી, હત્યાનો મળી ચાર ગુના નોંધાયા હતાં. જ્યારે ઇરફાન વિરૂધ્ધ ઉપલેટા, પ્ર.નગર, ડીસીબી, ગીર સોમનાથ, યુનિવર્સિટી, ગાંધીગ્રામ પોલીસમાં દારૂ, મારામરી, જૂગારના મળી ૧૫ ગુના નોંધાઇ ચુક્યા છે. આ બંનેની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે ભીલવાસ-ખાટકીવાસમાં એક જ શખ્સનો દારૂનો ધંધો ખુલ્લેઆમ ચાલતો હતો. સવારથી માંડી સાંજ સુધી બેરોકટોક આ ધંધો થતો હતો. પરંતુ અગાઉ તેને સદંતર બંધ કરાવી દેવાયો હતો. ત્યાં હવે નવા ધંધાર્થીઓ પટમાં આવ્યા હોઇ તેનો માલ પણ પકડી લેવાયો હતો.


બીજા દરોડામાં ટીમે બાતમીને આધારે ભીલવાસ શેરી નં. ૪ના ખુણેથી પંકજ નટુભાઇ કડવાતરને નંબર પ્લેટ વગરના ટુવ્હીલર સાથે સકંજામાં લઇ તલાશી લેતાં તેની પાસેથી રૂા. ૮૦૪૦ના ૧૮૦ એમએલ વ્હીસ્કીના ૨૪ ચપલા મળતાં કબ્જે કરી દારૂ, વાહન મળી રૂા. ૫૮૦૪૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પુછતાછમાં તેણે આ દારૂ ભીલવાસના આસીફ મીનીવાડીયા પાસેથી લઇ આવ્યાનું કબુલ્યું હતું. પકડાયેલો આ શખ્સ ભીલવાસ શેરી નં. ૩માં જ રહે છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલીક, ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઇની સુચનાથી ઉપરોક્ત કામગીરી પીએસઆઇ એસ. વી. ચુડાસમા, એએસઆઇ જયંતિભાઇ ગોહિલ, હરપાલસિંહ જાડેજા, રાજેશભાઇ મિયાત્રા, હેડકોન્સ. ધર્મરાજસિંહ ઝાલા, હેમેન્દ્રભાઇ વાઘીયા, સત્યજીતસિંહ જાડેજા, સહદેવસિંહ જાડેજા, અનુજભાઇ ડાંગર, કોન્સ. કુલદીપસિંહ રાણા, મૈસુરભાઇ કુંભારવાડીયાએ કરી હતી. ભાગી ગયેલા બે શખ્સો પકડાયા બાદ વધુ વિગતો બહાર આવશે.

# કણસાગરા કોલેજ પાસેથી ૧૭ વર્ષની તરૂણીનું અપહરણ

## અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ગુનો

રાજકોટ, તા.૨૯

રાજકોટ શહેરમાં સગીર વયની દીકરીઓના અપહરણના બનાવોને લઈને ચિંતાજનક સ્થિતિ સર્જાઈ રહી છે, ત્યારે વધુ એક ૧૭ વર્ષની સગીરાના અપહરણની ઘટના સામે આવી છે. શહેરના કાલાવાડ રોડ પર આવેલી કણસાગરા કોલેજ પાસેથી સગીરાનું અપહરણ થતાં પરિવારજનોમાં ભારે ચિંતા વ્યાપી ગઈ છે. આ મામલે ગાંધીગ્રામ પોલીસ મથકે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.



પ્રાપ્ત વિગતો મુજબ, રાજકોટમાં રહેતા અને મજૂરી કામ કરતા પિતાએ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ગત તારીખ ૨૭/૦૭/૨૦૨૬ ના રોજ બપોરના પોણા બે વાગ્યાના અરસામાં, કાલાવાડ રોડ પર સ્વામિનારાયણ મંદિર પાસે આવેલી કણસાગરા કોલેજ (આમ્રપાલી પોલીસ ચોકી બીટ વિસ્તાર) પાસેથી તેમની સગીર વયની દીકરીને કોઈ અજાણ્યો શખ્સ લલચાવી, ફોસલાવીને કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયો હતો. આ બનાવ અંગે પિતાની ફરિયાદના આધારે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં તારીખ ૨૯/૦૭/૨૦૨૬ ના રોજ ગુન્હા રજીસ્ટર નંબર ૧૧૨૦૮૦૩૫૨૫૦૫૦૩/૨૦૨૬ તથા ભારતીય ન્યાય સંહિતા (ઈગજ) ની કલમ-૧૩૭(૨) મુજબ અજાણ્યા શખ્સ સામે અપહરણનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. બનાવ અંગેની આગળની વધુ તપાસ ગાંધીગ્રામ પોલીસ મથકના પો.સ.ઇ. એ.બી. ચાવડા ચલાવી રહ્યા છે અને સગીરા તેમજ આરોપીની ભાળ મેળવવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

દામ્પત્ય જીવનમાં બેવફાઇના પગલા પડે તો સંસાર જીવનનો રથ ડખ્ખે ચડે

# ધણીની ધોખાધડીઃ બીજીને પામવા પત્નિ પર સિતમ

## મવડી વિસ્તારની ઘટનામાં મહિલા પોલીસે દાખલ કરી ફરિયાદઃ સાત વર્ષના લગ્ન જીવન પછી પતિએ કહ્યું-તું મને છુટાછેડા દે, હું જીનલ સાથે લિવ-ઇનમાં રહીશઃ લફરાને કારણે તે ઘર છોડી જતો રહ્યો

રાજકોટ,તા.૨૯

દામ્પત્ય જીવનમાં પતિ કે પત્નિ ધોખાધડી પર ઉતરી આવે તો સંસાર જીવનનો રથ પાટા પરથી ખડી જતો હોય છે અને વાત પોલીસ ફરિયાદ સુધી પહોંચતી હોય છે. અવાર-નવાર આવા કિસ્સા મહિલા પોલીસ સ્ટેશનોના ચોપડે ચડે છે જેમાં પતિની દગાખોરીને કારણે જે તે પરિણીતા ફરિયાદ નોંધવવા માટે મજબૂર થઇ હોય છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં મવડી મેઇન રોડ વિસ્તારમાં રહેતી મહિલાના લગ્ન જ્ઞાતિના રીત રિવાજ મુજબ જેની સાથે થયા હતાં તે પતિએ સાતેક વર્ષ સુધી તો સારી રીતે સાચવી હતી. આ દરમિયાન બંને માતા-પિતા પણ બન્યા હતાં. જો કે હવે પતિને બીજી કોઇ સાથે લફરૂ થઇજતાં તેણે જીનલ નામની આ યુવતિ સાથે પત્નિની હાજરીમાં જ વાતો કરવાનું મેસેજ કરવાનું ચાલુ કરી દઇ પત્નિને કહી દીધુ હતું કે તું મને ગમતી નથી, છુટાછેડા આપ હું જીનલ સાથે લિવ-ઇનમાં રહીશ. આમ કહી તેણે મારકુટ પણ કરી હતી. છેલ્લે તો તે ઘર છોડી જતો રહ્યો હતો.

વિગતે વાત કરીએ તો આ કિસ્સામાં પરિણીતાએ પોતાના પતિ વિરૂધ્ધ શારીરિક માનસિક ત્રાસની ફરિયાદ દાખલ કરાવતાં તપાસ શરૂ થઇ છે. સાત વર્ષ સુધી લગ્નજીવન સારી રીતે ચાલ્યા બાદ પતિએ અન્ય યુવતીના પ્રમમાં અંધ બની તું મને ગમતી નથી, મને છૂટાછેડા આપી દે, હું બીજી યુવતી સાથે લિવ-ઈનમાં રહીશ તેમ કહી મેણા-ટોણા મારી અવારનવાર ઢોર માર માર્યાના આક્ષેપો પણ એફઆઇઆરમાં થયા છે. આ બનાવમાં મહિલા પોલીસ દ્વારા મવડી મેઇન રોડ પર આકાશદીપ સોસાયટી-૨માં વિજ્યાબેન ધનજીભાઇ ધંધુકીયાના મકાનમાં ભાડેથી રહેતી બત્રીસ વર્ષના મીરાબેન ગિરીશભાઇ રૂડકીયા નામની પરિણીતાની ફરિયાદ પરથી પાળ ગામે લાલુભાઇ પારેખ ટાઉનશીપ સી-વીંગ રૂમ નં. ૬૦૬માં રહેતાં તેણીના પતિ ગિરીશ જેન્તીભાઇ રૂડકીયા વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરાઇ હતી.



**પુત્રવધૂનો પક્ષ લઇ સસરાએ દિકરાને ખુબ સમજાવ્યો પણ ન સમજતાં અંતે પરિણીતાને લેવી પડી પોલીસની મદદ**

આ ફરિયાદમાં જણાવાયા મુજબ મીરાબેનના લગ્ન ૧૪/૧૨/૨૦૧૫ ના રોજ જ્ઞાતિના રીત-રિવાજ મુજબ ગિરીશભાઈ જેન્તીભાઈ રૂડકીયા (રહે. શ્રીનાથજી સોસાયટી, મવડી મેઇન રોડ) સાથે થયા હતા. લગ્નજીવનથી તેમને આઠ વર્ષનો હેત નામનો પુત્ર છે. લગ્ન બાદ સાત વર્ષ સુધી તેમનું લગ્નજીવન ખુબ સારી રીતે ચાલ્યું હતું અને પતિ પ્રાઇવેટ બેંકમાં નોકરી કરતા હતા. મીરાબેનના જણાવ્યા મુજબ તા. ૦૧/૦૧/૨૦૨૩ પછી તેમના પતિ ગિરીશ રૂડકીયાએ અચાનક બોલાચાલી અને ઝઘડા કરવાનું શરૂ કર્યું હતું.

તેમજ પતિ કહેતાં કે તું મને ગમતી નથી, મને છૂટાછેડા આપી દે. જો તું મને છૂટાછેડા નહીં આપે તો હું જીનલ સાથે લિવ-ઈનમાં રહીશ. તારા કરતાં જીનલે મને વધુ સાચવ્યો છે. આમ કહી તે મીરાબેનની નજર સામે જ જીનલ નામની યુવતિને મેસેજ કરી ફોનમાં વાત કરતાં હતાં. આ બાબતની જાણ મીરાબેને ઘરમાં કરતાં સાસુ જોશનાબેન, સસરા જેન્તીભાઈ તથા જેઠ રાકેશભાઈએ તેણીના પતિ ગિરીશને અવારનવાર સમજાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે કોઈની વાત માનતો નહોતો. તેણે મોબાઈલમાં મેસેજથી જીનલ સાથે વાતો કરવાનું ચાલુ જ રાખ્યું હતું.

પત્નિ ના પાડ તો ગુસ્સે થઈને તેની પર હાથ ઉપાડી ઢોર માર મારતો હતો. પતિ ગિરીશ મારકૂટ કરતો અને પત્નિ તરીકે રાખવાની પણ ના પાડતો હોવાથી તેના મીરાબેનનું ઉપરાણું તેમના સસરાજેન્તીભાઈએ લઇ દિકરા ગિરીશને કડક શબ્દોમાં કહ્યું હતું કે જો તારે મીરાને પત્નિ તરીકે રાખવી ન હોય અને બોલાવવી ન હોય તો મારા ઘરમાંથી બહાર નીકળી જા. આથી ગિરીશ પોતે પોતાના પરિવારથી અલગ પાળ ગામ રોડ પર આવેલી લાલુ પારેખ ટાઉનશિપમાં રહેવા જતો રહ્યો હતો. ત્યાં તે એકાદ વર્ષથી રહે છે. અલગ રહેવા ગયા પછી પણ પતિ ગિરીશ અવારનવાર પોતાના પિતાના ઘરે આવીને મને મીરા સાથે છૂટાછેડા અપાવી દો કહી દબાણ કરતો હતો.

આમ પરિવારે અને મીરાબેને અવારનવાર સંસાર સુધારવાના પ્રયાસો કર્યા પરંતુ પતિ રાખવા તૈયાર થયો નહોતો. પરિણીતાએ આશંકા વ્યક્ત કરી છે કે તેના પતિએ જીનલ નામની યુવતી સાથે છૂપી રીતે લગ્ન કરી લીધા છે, જેથી તે સતત છૂટાછેડા માંગતો હોઇ શકે છે. તેમ મીરાબેને જણાવતાં મહિલા પોલીસ સ્ટેશનના ઇન્સપેક્ટર એસ. આર. બુટીયાના માર્ગદર્શનમાં એએસઆઇ દિલીપસિંહ જેસંગભાએ ગુનો દાખલ કરી વિશેષ તપાસ શરૂ કરી હતી. આ કિસ્સામાં સારી વાત એ છે કે પરિણીતાને તેના સસરા, સાસુ, જેઠનો સહયોગ મળ્યો હતો. સસરાએ તો પુત્રવધૂનો પક્ષ લઇ દિકરાની ભુલ હોઇ તેને જ ખુબ ઠપકો આપ્યો હતો. જો કે તેમના આ પ્રયાસો બાદ પણ મીરાબેનના પતિએ સુધરવાનું નામ ન લેતાં અંતે મીરાબેનને પોલીસ ફરિયાદનો આશરો લેવો પડ્યો હતો.

વૃધ્ધાઓ, મહિલાઓને આંતરી ધાર્મિક વાતો કરતો અને પછી ડરાવતો પણ ખરો

# દાગીના મને આપો તો લક્ષ્મીજીના દર્શન થશે કહી ઠગાઈ


## તમારા દિકરા પર સંકટ છે, તમે પહેરેલા દાગીનામાં લક્ષ્મીજીનું સ્વરૂપ છે, મને આપો તો દર્શન થશે કહી બાદમાં વૃધ્ધાને એકાવન ડગલા ચાલીને પાછા આવવાનું કહી દાગીના લઇ ભાગી જતોઃ ગઠીયો દબોચાયો, સાગરીતોની શોધખોળઃ લાખોનો મુદ્દામાલ કબ્જે થયો

રાજકોટ, તા. ૨૯

વૃધ્ધોને છેતરીને દાગીના પડવાી લેતી ટોળકીના સુત્રધારને ઝડપી લેવામાં સફળતા મળી છે. વૃધ્ધાઓને રસ્તામાં આંતરી ધાર્મિક વાતો કરી અંધશ્રધ્ધાની આડમાં છેતરપીંડી આચરી ગઠીયો ભાગી જતો હતો. પહેલા તો ગઠીયો મંદિરના સરનામા પુછવા સહિતની વાતો કરતો અને પછી વૃધ્ધાઓને કહેતો કે તમે પહેરેલુ સોનુ લક્ષ્મીજીનું સ્વરૂપ છે, તમે અમને આપશો તો લક્ષ્મીજીના દર્શન થશે. આમ કહી વાતોમાં પરોવી દાગીના ઉસેડી ભાગી જતો હતો. પોણા ચાર લાખની માલમત્તા સાથે આ ગઠીયાને ઝડપી લઇ તેના સાગ્રીતોની શોધખોળ શરૂ કરવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો વડોદરા શહેરમાં સિનિયર સિટીઝન મહિલાઓને નિશાન બનાવી ધાર્મિક વાતો અને અંધશ્રદ્ધાનો સહારો લઈ સોનાના દાગીના પડાવી લેતી ગેંગના એક આરોપીને વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચે ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપી પાસેથી રૂપિયા૩.૭૧ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે, જ્યારે તેનો સાગરીત હજુ ફરાર હોવાથી તેની શોધખોળ યથાવતર રાખી હતી. વડોદરા ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે સિનિયર સિટીઝન મહિલાઓને વિશ્વાસમાં લઈ તેમની પાસેથી સોનાના દાગીના પડાવી લેતી ગેંગ નંબર પ્લેટ વગરની બાઇક પર વડોદરા શહેરમાં ફરી રહી છે. બાતમીના આધારે શહેરમાં વોચ ગોઠવવામાં આવી હતી.

આ દરમિયાન આજવા ચોકડી રાત્રી બજાર નજીક નંબર પ્લેટ વગરની બાઈક પર એક શંકાસ્પદ વ્યક્તિને પોલીસે રોકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેને ભાગવાનો પ્રયાસ કર્યો હતો. જોકે ક્રાઈમ બ્રાન્ચની ટીમે તેને કોર્ડન કરી ઝડપી પાડ્યો હતો. પુછપરછમાં આરોપી સાદકહસન અલીમુદ્દીન દીનમહંમદશા ફકીર જણાવ્યું હતું. તે ઉત્તરાખંડનો વતની છે. આરોપીની ટ્રાવેલિંગ બેગની તપાસ દરમિયાન બે સોનાની બંગડીઓ, એક સોનાની વીંટી, વિવિધ ગ્રહોના ૧૯ પથ્થરના નંગ, મોબાઈલ, રોકડ રકમ અને અન્ય સામાન મળી આવ્યો હતો. દાગીના અંગે કોઈ આધાર પુરાવો કે ખરીદીના બિલ રજૂ કરી શક્યો ન હોવાથી પોલીસે



સમગ્ર મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ શખ્સની વિશેષ પુછતાછ થતાં તેણે કબૂલાત કરી હતી કે, રાવપુરા વિસ્તારના લાલકોર્ટ પાસે આવેલા પીપળેશ્વર મહાદેવ મંદિરે દર્શન કરવા આવેલી એક વૃદ્ધ મહિલાને તેણે અને તેના સાગરીત ઇલ્યાસમહમંદ હકીમીએ નિશાન બનાવી હતી. આરોપીઓએ મહિલાને તમારા દીકરાને મોટું સંકટ આવવાનું છે, હાથમાં પહેરેલું સોનું લક્ષ્મીનું સ્વરૂપ છે, તેને અમને આપશો તો લક્ષ્મીના દર્શન થશે તેવી વાતોમાં ફોસલાવી હતી તેમના હાથમાંથી બે સોનાની બંગડીઓ અને એક વીંટી ઉતરાવી લીધી હતી અને ૫૧ ડગલા ચાલો તેમ કહીને બાઇક પર ફરાર થઈ ગયા હતા.

બંને આરોપી ઉતરાખંડ થી મુંબઈ, સુરત થી વડોદરા આવ્યા હતા. મુંબઈ અને સુરતમાં વરસાદ હોવાથી તેઓ વડોદરા ઠગાઈ કરવાના ઇરાદે આવ્યા હતા. આ બનાવ અંગે રાવપુરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. વડોદરા ક્રાઇમ બ્રાન્ચે ગણતરીના કલાકોમાં ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે. પકડાયેલા આરોપીનો સાગરીત ઇલ્યાસમહમંદ નઝરુદ્દીન હકીમી હાલ ફરાર છે અને તેની શોધખોળ ચાલુ છે. પોલીસે આરોપી પાસેથી ત્રણ લાખ એકોતેર હજાર રૂપિયાની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો છે, જેમાં બે સોનાની બંગડીઓ, એક સોનાની વીંટી, હોન્ડા શાઇન મોટરસાયકલ, મોબાઇલ ફોન, રોકડ રકમ તથા વિવિધ પથ્થરના નંગનો સમાવેશ થાય છે.

આ મામલે વિશેષ પોલીસ તપાસમાં એ પણ સામે આવ્યું છે કે, આરોપીઓ ખાસ કરીને એકલા મળતા સિનિયર સિટીઝન નાગરિકોને ટાર્ગેટ કરતા હતા. તેઓ અંધશ્રદ્ધા અને ધાર્મિક વાતોનો સહારો લઈને ભોગ બનનારને વિશ્વાસમાં લઈ તેમના સોનાના દાગીના ઉતરાવી ઠગાઈ આચરતા હતા. પોલીસના જણાવ્યા મુજબ, પકડાયેલા આરોપી અને તેના સાગરીત સામે અગાઉ બિહારના નવાડા પોલીસ સ્ટેશનમાં પણ સંગઠિત ગુનાનો કેસ નોંધાયેલ હોવાનું બહાર આવ્યું છે. હાલમાં પોલીસે ફરાર આરોપીની શોધખોળ તશરૂ કરી હતી. હજુ બીજા ગુનાઓ ખુલવાની પણ પોલીસને આશા છે.

જ્યાં બે વર્ષથી ભણવા જતી હતી એ સ્થળે જ શોષણ થયુંઃ પોલીસની આકરી કાર્યવાહી

# દસ વર્ષની બાળા સાથે ટીચરના સગીર ભાઈની વિકૃત હરકતો

## ટીચર બહાર જતાં સગીરે પોતે બાળાઓને ભણાવશે કહી ચાર છોકરાને ઉપરના રૂમમાં મોકલી એક બાળા સાથે ન કરવાનું કર્યુઃ પોક્સો હેઠળ કાર્યવાહી થઇ

રાજકોટ, તા. ૨૯

વિકૃતી અને હવસખોરીના કિસ્સા અવાર-નવાર સામે આવતા રહે છે. ઠગાઓ તો ઠીક ઘણીવાર સગીરો પણ આવા કરતૂતો આચરી લેતાં હોય છે.

આવી જ વધુ એક ઘટના સામે આવી છે જેમાં દસ વર્ષની બાળકી સાથે ટ્યુશન કલાસની શિક્ષીકાના સત્તર વર્ષના ભાઇએ બિભત્સ અડપલા કરી લીધા હતાં. આ મામલો પોલીસ સુધી પહોંચતા પોલીસે તત્કાળ કાર્યવાહી કરી હતી અને બાળકી તથા સગીર આરોપી બંનેના મેડીકલ ચેકઅપ કરાવડાવી આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

વિગતો પર નજર કરીએ તો વડોદરાની આ ઘટનાએ સૌને ચોંકાવી દીધા છે. શહેરના વાલીઓ અને ખાનગી ટ્યુશન સંચાલકો સામે લાલબત્તિ સમાન કિસ્સો સામે આવ્યો છે.

ગોરવા વિસ્તારમાં ઘરમાં ટ્યુશન ક્લાસ ચલાવતી શિક્ષિકા કામ માટે બહાર ગઈ હોવાનો લાભ ઉઠાવી તેના સત્તર વર્ષીય ભાઈએ ટ્યુશન આવેલી ધોરણ ચારની દસ વર્ષની ઉમરની વિદ્યાર્થીની સાથે શારીરિક અડપલા કર્યા હતા. ઘટના અંગે ગોરવા પોલીસે ગુનો નોંધીને કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ દસ વર્ષની વિદ્યાર્થીની જે ચોથુ ધોરણ ભણે છે તે ઘર નજીક ટ્યુશનમાં જતી હતી. તે ટ્યુશનમાં ગઇ ત્યારે શિક્ષિકા ઘરે નહોતા. સગીરા ટ્યુશન ગઈ ત્યારે સત્તર વર્ષનો સગીર હાજર હતો.

એકલતાનો લાભ લઈ સગીરે વિદ્યાર્થીનીને રૂમમાં લઈ જઈ શારીરિક અડપલા કર્યા હતાં. ગભરાયેલી સગીરાએ ઘરે જઇ માતાને સમગ્ર ઘટના જણાવી હતી. માતા ગોરવા પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. જ્યાં તેમણે સગીર સામે ફરિયાદ નોંધાવી હતી. ગોરવા પોલીસે જરૂરી પૂરાવા મેળવી ફરિયાદ નોંધીને સગીર સામે પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

વધુ માહિતી અનુસાર ભોગ બનેલી બાળકી આ સ્થળે બે વર્ષથી



ટ્યુશનમાં જતી હતી. મહિલા ઘરે ન હોય તો તેનો નાનો ભાઈ ઘણીવાર ભણાવતો હતો. શનિવારે મહિલાએ કામ અર્થે જવું હતું, ત્યારે સગીરે બહેનને કહ્યું હતું કે, હું વિદ્યાર્થીઓને ભણાવી લઈશ. આ પછી ભોગ બનનાર બાળા સહિત પાંચ વિદ્યાર્થી ટ્યુશનમાં હતા. ઘરે કોઈ ન હોવાથી સગીરેચાર વિદ્યાર્થીને ઉપરના માળે મોકલી ઘરના દરવાજા, પડદા બંધ કરીને તેણે સગીરા સાથે શારીરિક અડપલા કર્યા હતા. આ કારણે બાળકી ખુબ જ ગભરાઇ ગઇ હતી. બાદમાં તેણીને વાલી તેડવા આવ્યા ત્યારે રડમસ જેવી થઇ ગઇ હોઇ કંઇક અજુગતુ બન્યાનું જણાતાં વાલીએ ફોસલાવીને પુછતાછ કરતાં ટીચરના ભાઇએ ખરાબ કર્યાનું જણાવી રડવા માંડી હતી. દિકરીની વાત સાંભળી વાલીઓ પણ ચોંકી ગયા હતાં અને તુરત પોલીસને જાણ કરી હતી.

આવી ઘટનાઓ સામે વાલીઓએ જાગૃત થવું જરૂરી છે. બાળક જ્યાં ટ્યુશન જાય છે ત્યાં માત્ર સગીર કે પુરૂષ સભ્ય સિવાય કોઈ જવાબદાર મહિલા કે વડીલ રહે છે કે નહીં તેની ખાતરી કરો. બાળકના વર્તનમાં અચાનક ડર, ચિંતા કે ફેરફાર દેખાય તો તરત જ પ્રેમથી પૂછપરછ કરો. બાળકો સાથે થતા શારીરિક અપ્રાકૃતિક વર્તન કે શોષણના કિસ્સામાં ૧૦૯૮ ચાઈલ્ડલાઇન અથવા ૧૮૧અભયમ પર સંપર્ક કરવો.

ભોગ બનનાર અને આરોપી બંને સગીર છે. પૂરાવા મેળવવા મેડિકલ ટેસ્ટ સહિતની કાર્યવાહી કરાવવામાં આવી રહી છે. તેમ તપાસની પોલીસ ઇન્સપેક્ટર કે. એન. લાઠિયાએ જણાવ્યું હતું. અગાઉ પણ રાજકોટ સહિતના શહેરોમાં આવી ઘટના બની હતી. રાજકોટમાં ટ્યુશન કલાસીસના સંચાલક શિક્ષકે એક બાળકી સાથે બળજબરીનો પ્રયાસ કર્યો હતો. જેમાં ભક્તિનગર પોલીસે આકરી કાર્યવાહી કરી હતી.

# ટ્રાફિક સિગ્નલો પર ભિક્ષા માંગતા બાળકો સહિત ૧૨ને શોધી કઢાયા

## આ પ્રવૃતિમાંથી તેમને એએચટીયુ ટીમના પીઆઇ કે. કે. ગોહિલ સહિતે મુક્ત કરાવ્યા

રાજકોટ, તા. ૨૯

શહેરના મોટા ભાગના ટ્રાફિક સિગ્નલો પર બાળકો, મહિલાઓ, પુરૂષો બોલપેન વેંચવાની આડમાં કે પુસ્તકો વેંચવાના બહાને ભીક્ષાવૃતિ કરતાં જોવા મળતાં હોય છે. આવા બાળકો સહિત બારને પોલીસ સહિતની ટીમોએ શોધી કાઢી ભીક્ષાવૃતિમાંથી મુક્ત કરાવ્યા હતાં. શહેરની એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટની ટીમ અને વિવિધ વિભાગોની સંયુક્ત ટાસ્ક ફોર્સ દ્વારા શહેરમાં ભિક્ષાવૃત્તિ નાબૂદી માટે વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવી હતી.

આ ઝુંબેશ અંતર્ગત એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટ, રાજકોટ બાળ સુરક્ષા એકમ, સમાજ સુરક્ષા અધિકારી, મહિલા ભિક્ષુક ગૃહ, પુરૂષ ભિક્ષુક ગૃહ તથા ચાઇલ્ડ હેલ્પ લાઇનની સંયુક્ત ટીમો દ્વારા રાજકોટ શહેરના વિવિધ વિસ્તારો અને ટ્રાફિક સિગ્નલો આસપાસ તપાસ હાથ ધરવામાં આવી હતી. ચોક્કસ તપાસ દરમિયાન બોલપેન તથા બૂક વેચવાના બહાને ચાર રસ્તા-સિગ્નલો પર ભિક્ષાવૃત્તિ કરતા ૮ બાળકો, ૨ પુરૂષો અને ૨



મહિલાઓ મળી કુલ ૧૨ વ્યક્તિઓને ભિક્ષાવૃત્તિમાંથી મુક્ત કરાવવામાં આવ્યા હતા. મુક્ત કરાવવામાં આવેલા ૮ બાળકોને ચાઇલ્ડ વેલ્ફેર કમિટી સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા.

કમિટી દ્વારા આ બાળકોના વાલીઓને બોલાવીને ભિક્ષાવૃત્તિ ન કરાવવા માટે સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી. આ ઉપરાંત સર્વ શિક્ષા અભિયાન હેઠળ તમામ બાળકોના યોગ્ય શિક્ષણ માટેની વ્યવસ્થા પણ હાથ ધરવામાં આવશે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલિક, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ ભરત બી. બસીયાની સુચના અંતર્ગત એએચટીયુના ઇન્સપેકટર કે. કે. ગોહિલ અને તમેની ટીમ સાથે આ કામગીરીમાં સમાજ સુરક્ષા અધિકારી, રાજકોટ બાળ સુરક્ષા એકમ, મહિલા તથા પુરૂષ ભિક્ષુક ગૃહની સંયુક્ત ટીમ અને ચાઇલ્ડ હેલ્પ લાઇનની ટીમ પણ સામેલ થઇ હતી.

જેના પર વિશ્વાસ મુકી નોકરીએ રાખ્યો એણે જ કારસો ઘડી ખેલ પાડી દીધો

# સેલ્સમેને માલિકના પોણા બે કરોડ કર્યા ચાંઉ

## ભળતા નામે પેઢી ઉભી કરી ઓનલાઇન સસ્તામાં માલ વેંચવા માંડ્યોઃ આ રીતે સાડા ત્રણ વર્ષમાં એક કરોડ એંસી લાખ ઘર ભેગા કર્યાઃ ધંધામાં ખોટ દેખાતાં કંપની સંચાલકે તપાસ કરાવતાં ભોપાળુ છત્તુ થયું

રાજકોટ, તા. ૨૯

ગઠીયાગીરીના બનાવો એક દિવસ પણ ન બને તેવું કદી બનતું નથી. વધુ એક મસમોટી ઠગાઇ થઇ હતી. જેમાં વીસ હજારના પગારદાર કર્મચારીએ ફેક્ટરીમાં એવુ કારસ્તાન આચર્યુ હતું કે જેનું ભોપાળુ ખુલતાં સૌ કોઇ ચોંકી ગયા હતાં. નકલી પેઢી ઉભી કરી આ શખ્સ ફેક્ટરીના એક કરોડ એંસી લાખ ખાઇ ગયો હતો. આ ફ્રોડના પૈસાથી આલીશાન મકાન, કાર અને માતા-પત્નિ માટે લાખોના દાગીના ખરીદી લીધા હતાં. પણ અંતે તેની ગઠીયાગીરી સામે આવી જતાં પોલીસ ફરિયાદ દાખલ કરાવાઇ હતી.વિગતો પર નજર કરીએ તો સુરતના ટેક્સટાઈલ અને મેન્યુફેક્ચરિંગ હબ ગણાતા ઉધના ઉદ્યોગનગર વિસ્તારમાંથી વિશ્વાસઘાત અને આર્થિક છેતરપિંડીનો એક સનસનાટીભર્યો કિસ્સો સામે આવ્યો હતો. પોતાની ફેક્ટરીમાં ૨૦,૦૦૦ રૂપિયાના માસિક પગારે નોકરી કરતા એક કર્મચારીએ માલિકની જ આંખમાં ધૂળ નાખીને કરોડો રૂપિયાનો ચોપડો સાફ કરી નાખ્યો હોવાની ચોંકાવનારી ઘટના પોલીસ ચોપડે નોંધાવાઇ હતી. ઉધના ઉદ્યોગનગરમાં આવેલી જાણીતી બેગ ઉત્પાદક પેઢીના માલિકને છેલ્લા એક વર્ષથી સતત આર્થિક નુકસાન થઈ રહ્યું હતું. જ્યારે માલિકે હિસાબ-કિતાબની ડાણપૂર્વક તપાસ કરી ત્યારે સામે આવેલી વિગતો જોઈને પોલીસ અને વેપારી આલમ બંને સ્તબ્ધ થઈ ગયા હતાં. આ કિસ્સામાં માલિકે જેના પર આંધળો વિશ્વાસ મૂકીને માલ મોકલવા, ઓર્ડર લેવા અને હિસાબ રાખવાની તમામ જવાબદારી સોંપી હતી, તે જ કર્મચારીએ માલિકની ફર્મના નામને મળતું આવતું ડુપ્લિકેટ નામ બનાવી ઓનલાઈન પ્લેટફોર્મ પર સસ્તા ભાવે માલ વેચીને એક કરોડ એંસી લાખ પોતાના બેંક ખાતામાં બારોબાર જમા કરાવી લીધા હતા. આ અંગે ઉધના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા જ સઘન તપાસ હાથ ધરીને સર્વેલન્સ ટીમે આરોપી એકાઉન્ટન્ટ મનિષ પઠાડેની ધરપકડ કરી લીધી હતી. પોલીસ સુત્રોએ કહ્યું કે રાંદેરના કોઝ-વે રોડ સ્થિત સાનીયા રેસિડેન્સીમાં રહેતા ૪૩ વર્ષીય મોહમ્મદ સેહજાદ મોહમ્મદ સત્તાર આલમ ઉધના ઉદ્યોગનગરના રોડ નંબર ૮ પર આવેલ પ્લોટ ખાત સિતારા બેગ તથા સ્કાઇલર નામના બ્રાન્ડ નેમથી બેગ ઉત્પાદન અને ઓનલાઈન




તથા ઓફલાઈન વેચાણનો મોટો વેપાર ચલાવે છે. તેમની ફેક્ટરીમાં ૨૫ જેટલા કારીગરો કામ કરે છે. વર્ષ ૨૦૨૨માં મોહમ્મદ સેહજાદે મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાના ચાળીસગાંવ તાલુકાના સાહદા ગામના વતની અને હાલ ડીંડોલી ખાતે રહેતા મનિષ ચંદ્રકાંત પઠાડેને માસિક વીસ હજારના પગારે સેલ્સમેન તરીકે નોકરી પર રાખ્યો હતો. શરૂઆતમાં મનિષે ખુબ જ -માણિકતાથી કામ કરીને માલિકનો વિશ્વાસ જીતી લીધો હતો. જે બાદ માલિકે તેના પર ભરોસો મૂકીને માલનો ઓર્ડર લેવો, માલ રવાના કરવો, નાણાં મેળવવા અને તમામ નાણાકીય હિસાબ-કિતાબ રાખવા જેવી મહત્ત્વની જવાબદારીઓ તેને સોંપી દીધી હતી. નોકરીમાં જોડાયાના માત્ર ૬ મહિનામાં જ મનિષ પઠાડેના મનમાં પાપ જાગ્યું હતું. માલિકની પેઢીનું નામ સિતારા બેગ હતું, જેની સામે મનિષે પોતાના નામે મનવંશ ટ્રેડઝ નામે ફર્મ નોંધાવી અને ઓનલાઈન ઈ-કોમર્સ પ્લેટફોર્મ પર માલિકની ફર્મને મળતી આવતી સિતારા બેગ્સના નામે બોગસ પેઢી બનાવી દીધી. માલિકની ફેક્ટરીમાં બનતો જ બેગનો સ્ટોક મનિષ પોતાની બોગસ પેઢી સિતારા બેગ્સ મારફતે ઓનલાઈન પ્લેટફોર્મ પર અસલ કિંમત કરતાં ઓછી કિંમતે વેચવા મૂકતો હતો. ઓનલાઈન જે ઓર્ડર આવે તેમાં માલ માલિકની પેઢીનો જતો હતો, પરંતુ તેની સામે મળતી પેમેન્ટની રકમ મનિષે તમિલનાડ મર્કેન્ટાઈલ બેંક લિમિટેડના પોતાના ખાતામાં બારોબાર જમા કરાવી લીધી હતી. આમ સાડા ત્રણ વર્ષ સુધીના સમયગાળા દરમિયાન મનિષે ટુકડે-ટુકડે કૂલ રૂ. ૧.૮૦ કરોડ પોતાના ખાતામાં મેળવી લઈને મોટો વિશ્વાસઘાત આચર્યો હતો. માલિકની પેઢીમાંથી બારોબાર ૧.૮૦ કરોડ તફડાવી લીધા બાદ મનિષ પઠાડેએ પોતાની લાઈફસ્ટાઈલ રાતોરાત બદલી નાખી હતી. માલિક સાથેની કબૂલાતમાં આરોપીએ સ્વીકાર્યું હતું કે આ રકમમાંથી તેણે ડીંડોલીના ક્રિસ્ટલ હોમ્સમાં પ્લોટ નં. ૪ ખાતે નવું આલીશાન મકાન ખરીદ્યું હતું. આ ઉપરાંત તેણે રોકાણના ભાગરૂપે નવસારી ખાતે જમીન-મિલકત ખરીદી હતી. પોતાના અંગત વપરાશ માટે ૫ લાખની કિંમતની મારૂતિ સુઝુકી સ્વિટ કા, બે લાખની કિંમતનું એથર એનર્જી લિમિટેડનું ઈલેક્ટ્રિક સ્કૂટરખરીદ્યું હતું. સાથે જ તેણે પોતાની પત્ની અને માતા માટે લાખો રૂપિયાના સોના-ચાંદીના દાગીના પણ વસાવ્યા હતા. છેલ્લા એકાદ વર્ષથી ધંધામાં સતત ખોટ જઈ રહી હોવાથી માલિક મોહમ્મદ સેહજાદે અંગત રીતે હિસાબ-કિતાબની ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન એકાઉન્ટન્ટ મનિષ પઠાડેના હિસાબોમાં મોટી ગડબડ હોવાનું જણાયું હતું. વધુ ડાણપૂર્વક તપાસ કરતા મનિષની બોગસ કંપની સિતારા બેગ્સ અને તમિલનાડ મર્કેન્ટાઈલ બેંકના ખાતાનો આખો કાળો કારોબાર બહાર આવ્યો હતો. બાદ માલિકે મનિષને પોતાની ઓફિસે બોલાવી કાનૂની કાર્યવાહી કરવાની ચેતવણી આપી હતી. જેથી ગભરાઈ ગયેલા મનિષે પોતાના પરિવારના સભ્યોની હાજરીમાં પોતાની ભૂલ સ્વીકારી માફી માંગી હતી. તેણે લખાણ કરી આપ્યું હતું કે, મેં તમારા પૈસામાંથી જ આ મિલકતો ખરીદી છે, જેથી હું આ મિલકતો વેચીને તમારું નુકસાન ટુકડે-ટુકડે ચૂકવી આપીશ. માલિકે નોટરી સમક્ષ કબૂલાત કમ સમજૂતી કમ બાંહેધરી કરાર કરાવ્યો હતો. આ કરાર મુજબ મનિષે માલિકને ૨ લાખની કિંમતનું ઈલેક્ટ્રિક મોપેડ, ૫ લાખની કિંમતની સ્વિટ કાર અને ઘરમાં રહેલા દાગીના વેચીને ૯,૧૭,૬૨૩ રોકડા મળી કૂલ ૧૬,૧૭,૬૨૩ પરત આપીને માલિકનો વિશ્વાસ કેળવવાનો -યાસ કર્યો હતો. પરંતુ, ત્યાર બાદ બાકી નીકળતા ૧,૬૩,૮૨,૩૭૦ ચૂકવવામાં મનિષે આનાકાની શરૂ કરી દીધી હતી. માલિકે અવારનવાર પોતાના બાકી નાણાંની માગણી કરતા મનિષે ઉડાઉ જવાબો આપીને હવે પછી પૈસા માંગશો તો જોવા જેવી થશે તેવી સીધી ધમકી આપી દીધી હતી. આખરે છેતરાયેલા વેપારી મોહમ્મદ સેહજાદે ઉધના પોલીસ સ્ટેશનમાં અરજી કરી હતી. તપાસ દરમિયાન ગુનો સાબિત થતાં ઉપરી અધિકારીઓની મંજૂરી બાદ ઉધના પોલીસે ગુનો નોંધ્યો હતો. આરોપી મનિષ ચંદ્રકાંત પઠાડેની સફળતાપૂર્વક ધરપકડ કરવામાં આવી હતી અને પુછતાછ શરૂ કરાઇ હતી.

વધુ એક પરિવારનો આધારસ્તંભ બેફામ વાહનચાલકને કારણે છીનવાયો

# કુવાડવા રોડ પર હિટ એન્ડ રનમાં યુવાનનું મોત

## પારેવડામાં રહેતાં મદારી પરિવારનો યુવાન રાજકોટથી ભીક્ષાવૃતિ કરી ઘરે જતો હતો ત્યારે રસ્તામાં કાળ ભેટ્યોઃ અન્ય બે ઘટનામાં કોઠારીયા રોડના વૃધ્ધનો બિમારીથી કંટાળીને અને એક યુવાનનો અકળ કારણે ઝેર પી આપઘાત

રાજકોટ, તા. ૨૯

બેફામ ઝડપે વાહનો હંકારનારા બેકાબુ વાહનાચાલકોને કારણે અવાર-નવાર કોઇને કોઇ પરિવારના મોભી સ્વજન છીનવાઇ જાય છે. વધુ એક વખત હિટ એન્ડ રનની ઘટના બની છે, જેમાં એક પરિવારના આધારસ્તંભનો જીવ ગયો છે. બનાવમાં કુવાડવાની સોખડા ચોકડી નજીક રસ્તો ઓળંગી રહેલા પારેવડાના મદારી યુવાનને અજાણ્યો વાહનચાલક ઠોકરે લઇ ભાગી જતાં તેનું ઘટના સ્થળે જ ગંભીર ઇજા થવાથી મોત થયું હતું. આ યુવાન પારેવડાથી રાજકોટ ભિક્ષાવૃતિ કરવા માટે સવારે આવ્યો હતો. રાતે પરત પોતાના ઘરે જતો હતો ત્યારે આ બનાવ બન્યો હતો અને પરિવારનો માળો વિખેરાઇ ગયો હતો.

કરૂણ ઘટનાની વિગતો જોઇએ તો પારેવડા ગામે કૃષ્ણાનગરમાં રહેતો પાંત્રીસ વર્ષનો અમદીનાથ ભોટનાથ બામણીયા નામનો મદારી યુવાન સવારે પારેવડાથી રાજકોટ ભિક્ષાવૃતિ કરવા માટે ગયો હતો. બાદમાં રાતે પરત પોતાના ઘરે આવતો હતો એ વખતે કુવાડવા નજીક સોખડા ચોકડી પાસે રસ્તો ઓળંગતો હતો ત્યારે અજાણ્યો વાહનચાલક તેને ઠોકરે લઇ ભાગી ગયો હતો. બનાવની જાણ થતાં કુવાડવા રોડ પોલીસ મથકના પીએસઆઇ શૈલેન્દ્રસિંહ બી. જાડેજા સહિતે ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. મૃત્યુ પામનાર અમદીનાથ ચાર બહેન અને ત્રણ ભાઇમાં નાનો હતો. સંતાનમાં ત્રણ દિકરા છે.

પોતે ભિક્ષાવૃતિ કરી ગુજરાન ચલાવતો હતો. પોલીસે પારેવડામાં જ રહેતાં મૃતકના સાઢુભાઇ અજયનાથ પોપટનાથ સોલંકી ની ફરિયાદ પરથી જીવલેણ અકસ્માત સર્જી ભાગી ગયેલા અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. મૃત્યુ પામનાર અમદીનાથને સાંજે છએક વાગ્યે પત્નિ



સીતાબેને ફોન કર્યો ત્યારે તેણે પોતે હવે રાજકોટથી ઘરે આવવા નીકળી ગયો છે તેવી વાત થઇ હતી. પરંતુ બાદમાં મોડેથી સાડા આઠેક વાગ્યે ફરી ફોન જોડતાં ફોન રીસીવ થતો નહોતો. આથી સીતાબેને બનેવી અજયનાથની ઘરે જઇ વાત કરી હતી. આ પછી બધા પરિવારજનોએ શોધખોળ ચાલુ કરી હતી.

એ દરમિયાન રાજકોટ અમદાવાદ હાઇવે આઇઓસી પ્લાન્ટ પાસે ટોળુ ઉભુ હોઇ ત્યાં તપાસ કરતાં એક યુવાન રસ્તો ઓળંગતી વખતે કોઇ વાહનની ઠોકરે આવી જતાં તેનું મોઢુ, કમરનો ભાગ, સાથળ વચ્ચેનો ભાગ છુંદાઇ ગયેલા જોવા મળ્યા હતાં. આ પછી ખબર પડી હતી કે આ લાશ અમદીનાથની છે. આ રીતે મૃતદેહની ઓળખ થયા બાદ પોલીસે કાર્યવાહી કરી હતી. ત્રણ સંતાને પિતાની છત્રછાંયા ગુમાવતાં પરિવારજનોમાં કલ્પાંત સર્જાયો છે.

અપમૃત્યુની અન્ય બે ઘટના જોઇએ તો આ બંને કિસ્સામાં અલગ અલગ લોકોએ આપઘાત કર્યો હતો. કોઠારીયા રોડ રણુજા મંદિર પાછળ કૈલાસ પાર્ક-રમાં રહેતાં હસમુખભાઇ નાગજીભાઇ રાઠોડ નામના એકસઠ વર્ષના વૃધ્ધે ઘરે ઝેરી દવા પી લેતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તેમનું ટુંકી સારવાર બાદ મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરી હતી. આપઘાત કરી લેનારા હસમુખભાઇને સંતાનમાં એક દિકરો અને ત્રણ દિકરી છે. પોતે રિક્ષા હંકારી પરિવારનું ગુજરાન ચલાવતાં હતાં.

સગાના કહેવા મુજબ હસમુખભાઇને શરીરમાં, પેટમાં બળતરા થવાની બિમારી હતી. તેનું નિદાન, સારવાર, દવા કરાવવા છતાં ફરક પડતો ન હોઇ કંટાળી તેમણે આ પગલુ ભરી લીધાની શક્યતા છે. પોલીસે વિશેષ તપાસ યથાવત રાખી હતી. મોભીના મૃત્યુથી રાઠોડ-કડીયા પરિવારમાં શોક છવાઇ ગયો છે. બીજી એક ઘટના જોઇએ તો બોટાદના નાગલપર ગામે રહેતાં અશ્વીનભાઇ ઇશ્વરીયભાઇ કેરાળીયા નામના યુવાને ઘરે ખળ બાળવાની દવા પી લેતાં બોટાદ સારવાર અપાવી રાજકોટ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ મારફત આ બનાવની જાણ એ-ડિવીઝન પોલીસને કરવામાં આવતાં જરૂરી કાર્યવાહી કરી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવડાવી બોટાદ પોલીસને જાણ કરી હતી. આપઘાત કરનાર અશ્વિનભાઇ બે ભાઇ અને ત્રણ બહેનમાં નાનો હતો. તેને સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. પોતે ખેતી કામ કરી ગુજરાન ચલાવતો હતો. કારણ બહાર ન આવતાં બોટાદ પોલીસે વધુ તપાસ યથાવત રાખી હતી. આમ ત્રણ ઘટનામાં ત્રણ પરિવારના સ્વજનોએ કાયમને માટે વિદાય લેતાં ગમગીની વ્યાપી ગઇ હતી.

છોકરાઓ તો બાખડી પડતાં હવે છોકરીઓ પણ મચાવવા માંડી છે ધમાલ

# યુવતિને સખીએ ધમકાવી, પછી માણસો મોકલી કરાવ્યો હુમલો!

## ગુંદાવાડીની રીન્કલને સખી જાનવીએ તું મારી ખોટી વાતો ફેલાવે છે, તને જોઇ લઇશ કહી ધમકી દીધીઃ બાદમાં ત્રણ શખ્સોને કાર મારફત મોકલી હુમલો કરાવ્યોઃ રીન્કલને બચાવવા વચ્ચે પડેલા સંબંધીને પણ લાફા માર્યાઃ હવે પછી સામે મળીશ તો જીવતી નહિ જવા દઉ કહી ધમકાવીઃ આજીડેમ પોલીસે દાખલ કરી એફઆઇઆર

રાજકોટ, તા. ૨૯

રંગીલા રાજકોટમાં વારંવાર યુવાનો છોકરાઓ વચ્ચે તો માથાકુટ થતી જ હોય છે અને પોલીસ ફરિયાદો પણ થતી હોય છે. પરંતુ હવે યુવતિઓ વચ્ચે પણ આવા ડખ્ખા થવા માંડ્યા છે. આ વચ્ચે ગુંદાવાડીમાં રહેતી એક યુવતિને તેની જ બહેનપણીએ ફોન કરી તું મારી ખોટી વાતો ફેલાવે છે, તને જોઇ લઇશ તેવી ધમકી આપ્યા બાદ મોડી રાતે આ યુવતિ બીજી બહેનપણીના ઘરે હતી ત્યાં કારમાં તેની જ બહેનપણીએ ત્રણ શખ્સોને મોકલી હુમલો કરાવતાં ચકચાર જાગી છે. આ શખ્સોએ યુવતિને ગાળો દઇ ધમકાવી હતી તો તેના સંબધી યુવાનને લાફા મારી તેની પાછળ છરી લઇ મારવા દોડ્યા હતાં અને ખૂનની ધમકી આપી ભાગી ગયા હતાં.

ઘટનાની વિગતે વાત કરીએ તો આ બનાવમાં પહેલા યુવતિને ફોન કરી ધમકી અપાઇ હતી. બાદમાં તેણી મોડી રાતે કોઠારીયા રોડ પર આવેલી ભુમેશ્વરી સોસાયટીમાં બહેનપણીના ઘરે જમવા માટે ગઇ હતી ત્યારે અગાઉ ફોનમાં ધમકી આપનાર બહેનપણીએ મોકલેલા ત્રણ શખ્સોએ કારમાં આ સ્થળે આવી ગાળો દઇ યુવતિ અને તેને બચાવવા વચ્ચે પડેલા યુવાન પર હુમલો કરી લાફા મારી છરી બતાવી ધમાલ મચાવી હતી. આ બનાવમાં આજીડેમ પોલીસે ગુંદાવાડી શેરી નં. ૧૨માં રહેતાં રહેતી બાવીસ વર્ષની યુવતિ રિંકલબેન મુરલીધરભાઈ ભાવનાણીની ફરિયાદ પરથી વિજયગીરી, અજયભાઇ, ધર્મેશ વાઘેલા અને જાનવી મકવાણા વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો.

વિશેષ માહિતી અનુસાર રિંકલબેને પોતાના પરિવાર સાથે રહે છે. ફરિયાદમાં જણાવાયા મુજબ તારીખ સત્યાવીસમીના રોજ રાત્રીના અઢી વાગ્યાની આસપાસ રિન્કલબેનને બહેનપણી જાનવી મકવાણાનો ફોન આવ્યો હતો. જાનવીએ રિંકલબેનને-તું મારી ખોટી વાતો કેમ ફેલાવે છે? કહેતાં રિંકલબેને આવી કોઈ વાત ન કરી હોવાનું સમજાવવા છતાં જાનવીએ મારી પાસે પૂફ આવશે એટલે તને જોઈ લઈશ તેમ કહી ફોન કાપી નાખ્યો હતો. ત્યારબાદ રાત્રીના આશરે આગીયારેક વાગ્યાની આસપાસ રિંકલબેન તથા તેમના સગા નિખિલભાઈ ચંદારાણા બહેનપણી પાયલબેન અગ્રાવતના કે જે કોઠારીયા રોડ રણુજા મંદિર પાસે ભુમેશ્વરી સોસાયટીમાં રહે છે તેના ઘરે જમવા ગયા હતા.

જમીને ઘરના તમામ વાતો કરી રહ્યા હતાં ત્યારે તારીખ રાત્રે આશરે દોઢ વાગ્યાના સુમારે એક ગ્રે કલરની ક્રેટા કાર પાયલબેનના ઘર પાસે આવીને ભી રહી હતી. કારમાંથી ત્રણ શખ્સે વિજયગીરી, અજયભાઈ અને ધર્મેશ વાઘેલા ઉતર્યા હતા અને જોર-જોરથી બૂમો પાડવા લાગ્યા હતા. ઘરની બહાર નીકળીને જોતાં વિજયગીરીએ રિંકલબેનને-તું કેમ જાનવીની ખોટી વાતો કેમ ફેલાવે છે? તેમ કહીને ગાળો આપવાનું શરૂ કર્યું હતું. નિખિલભાઈ ચંદારાણાએ વિજયગીરીને ગાળો બોલવાની ના પાડી, ત્યારે વિજયગીરીએ ગુસ્સે થઈ નિખિલભાઈના ગાલ પર બે-ત્રણ લાફા ચોડી દીધા હતા.

આ હુમલાને કારણે ડરી ગયેલા રિંકલબેન ઘર તરફ ભાગવા જતાં અજયભાઈએ દરવાજો બંધ કરી રિંકલબેનને પકડી લીધા હતા અને ઢીંકા-પાટુનો માર માર્યો હતો. બીજી તરફ વિજયગીરી અને ધર્મેશ વાઘેલાએ નિખિલભાઈને પણ ઢીંકા-પાટુનો માર મારી મૂંઢ ઈજાઓ પહોંચાડી હતી.

બચાવ માટે ઝપાઝપી થતાં ધર્મેશ વાઘેલાએ પોતાના નેફામાંથી છરી કાઢી નિખિલભાઈને મારવા પાછળ દોટ મૂકી હતી. બનાવને પગલે શેરીના આજુબાજુના લોકો ભેગા થઈ જતાં હુમલાખોરો મુશ્કેલીમાં મુકાયા હતા.

ભાગતાં પહેલાં વિજયગીરી અને અજયભાઈએ રિંકલબેનને ધમકી આપી હતી કે-હવે તુ ગમે ત્યાં રસ્તામાં ભેગી થઈશ ત્યાં જ તને પતાવી દઈશ, જીવતી નહીં જવા દઉં. આટલું કહી તમામ શખ્સો તેમની ક્રેટા કાર લઈને સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. આ ઘટના બાદ રિંકલબેન અને નિખિલભાઈ પોતાના ઘરે પરત ફર્યા હતા અને ત્યારબાદ આજીડેમ પોલીસ સ્ટેશને રૂબરૂ પહોંચી ફરિયાદ નોંધાવી હતી.

રિંકલબેનના જણાવ્યા અનુસાર આ સમગ્ર હુમલાનું કાવતરૂં તેણીની બહેનપણી જાનવી મકવાણાની ઉશ્કેરણી અને કહેવાથી રચવામાં આવ્યું હતું. આજીડેમ પોલીસ સ્ટેશનના ઈન્સપેક્ટર એચ. એન. પટેલના માર્ગદર્શનમાં હેડકોન્સ. એ. એચ. ગોહિલે એફઆઇઆર દાખલ કરી વિશેષ કાર્યવાહી હાથ ધરી હતી.

# ૪ા લાખનો દારૂ ભરેલી કાર પકડાઇ

## ખોડીયારનગરના રવિની ધરપકડ, એ વિસ્તારના જ મયુરનું નામ ખુલતાં શોધખોળ

રાજકોટ, તા. ૨૯

દારૂની હેરાફેરીનો વધુ એક વખત પર્દાફાશ થયો છે. જેમાં એલસીબી ઝોન-૨ ટીમે સાડા ચાર લાખ આસપાસનો વિદેશી દારૂ ભરેલી કાર સાથે એક શખ્સને પકડી લીધો છે, બીજાનું નામ ખુલ્યું છે. આજીડેમ ચોકડી પાસે થયેલી આ કામગીરીમાં કુલ બાર લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરાયો હતો.વિગતો જોઇએ તો શહેરમાં દારૂ અને જૂગાર જેવી અસામાજિક પ્રવૃત્તિઓ નેસ્તનાબૂદ કરવા અંગે મળેલી સુચના અંતર્ગત એલસીબી ઝોન-૧ ટીમે રૂ. ૪.૪૨ લાખનો અંગ્રેજી દારૂ ભરેલી ક્રેટા કાર સાથે એક શખ્સને પકડી લીધો હતો. ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડ કોન્સ. હિતેશભાઇ પરમાર, નરેન્દ્રભાઇ ગઢવી તથા કોન્સ. રવિરાજભાઇ પટગીર તેમજે નીખીલભાઇ પીરોજીયાને સંયુક્ત બાતમી મળી હતી કે એક સફેદ રંગની હ્યુડાઇ ક્રેટા કારમાં ગેરકાયદેસર રીતે અંગ્રેજી દારૂનો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે.

આ બાતમીના આધારે આજીડેમ ચોકડી પાસે, માંડાડુંગર તરફ આવતા જાહેર રોડ પર દારૂ ભરેલી ક્રેટા કારને આંતરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસની આ રેડ દરમિયાન કારમાંથી ખોડીયાર નગર શેરી નં.૩૩/૨૭ના ખુણે સુર્યાપૂજા



મકાન ખાતે રહેતો રવિ ભિખુભાઇ ગીડા નામના ચોવીસ વર્ષના શખ્સે પકડી લેવાયો હતો. જ્યારે આ ગુનામાં સંડોવાયેલ ખોડીયાર નગર શેરી નં.૧૬માં રહેતો મયુર બાબુભાઇ ગીડાનું નામ ખુલતાં તેની શોધખોળ થઇ રહી છે. કારમાંથી રૂ. ૩,૭૮,૦૦૦ની કિંમતની રોયલ સ્ટગ વ્હીસ્કીની ૨૫૨ કાચની બોટલો રૂ. ૪૬,૮૦૦ ની કિંમતના રોયલ ચેલેન્જ વ્હીસ્કીના ૧૪૪ ચપલા ૧૮૦ એમ.એલ.અને રૂ. ૧૮,૦૦૦ ની કિંમતના રોયલ સ્ટગ વ્હીસ્કીના ૪૮ ચપલા ૧૮૦ એમ.એલ. મળી આવ્યા હતા.

કબ્જે કરાયેલ રૂ. ૪,૪૨,૮૦૦ ની કિંમતની દારૂની કુલ ૪૪૪ બોટલો/ચપલા ઉપરાંત રૂ. ૮,૦૦,૦૦૦ ની કિંમતની સફેદ કલરની હ્યુડાઇ ક્રેટા કાર જીજે૧૧એએસ-૬૭૩૯ અને રૂ. ૫,૦૦૦નો એક મોબાઇલ ફોન મળીને કુલ રૂ. ૧૨,૪૨,૮૦૦ નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલિક, ડીસીપી ઝોન-૧ હેતલ પટેલની રાહબરીમાં પીએસઆઇ એમ.કે. મોવલીયા, એએસઆઇ મનરૂપગીરી ગૌસ્વામી, હરેશભાઈ પરમાર, હેડકોન્સ. હિતેશભાઇ પરમાર, હિતેન્દ્રસિંહ ઝાલા, જગદીશસિંહ પરમાર, નરેન્દ્રભાઇ ગઢવી, તેમજ કોન્સ. રવીરાજભાઇ પટગીર, નીખીલભાઇ પીરોજીયા અને મહાવિરસિંહ ચુડાસમા સહિતની ટીમે આ કામગીરી કરી હતી. ઝડપાયેલા શખ્સની રિમાન્ડની તજવીજ હાથ ધરાઇ હતી.

ગુનેગાર ગમે એટલો શાતીર હોય પોલીસ તેના સુધી પહોંચી જ જાય

# ગુનો આચરી દાઢી-મુંછ મુંડાવી નાંખ્યા છતાં ઝડપાયો

## પૈસાની લેતીદેતીમાં વીસ હજારની સોપારી લઇ હત્યાનો પ્રયાસ આચર્યો હતોઃ અન્ય એક ઘટનામાં ધંધામાં ભાગીદાર બનાવવાના નામે સાડા બાર લાખની ઠગાઇ

રાજકોટ, તા. ૨૯

ગુનો આચરી લીધા પછી પોલીસથી બચવા માટે ગુનેગારો જાતજાતની તરબીકો અજમાવતાં હોય છે. પરંતુ પોલીસ ગમે તેમ કરીને આવા ગુનેગારોને ગમે ત્યાંથી શોધી કાઢવતી હોય છે. હાલમાં જ એવા પણ દાખલા છે જેમાં પોલીસે બબ્બે દાયકા કે ત્રણ દાયકાથી ફરાર હોય તેવા ગુનેગારોને પણ શોધી કાઢ્યા હતાં. દરમિયાન એક કિસ્સામાં હત્યાની કોશિષનો ગુનો આચરી ભાગી ચુકેલો આરોપી અંતે પોલીસના હાથે આવી ગયો હતો. આ શખ્સે ગુનો આચર્યો ત્યારે દાઢી મુછો હતી. પણ પોલીસથી બચવા માટે તેણે દાઢી મુછ મુંડાવી નાંખ્યા હતાં. આમ છતાં પોલીસ તેના સુધીપ હોંચી ગઇ હતી. પૈસાની લેતીદેતીના વિવાદમાં વીસ હજારની સોપારી લઇ આ શખ્સે હત્યાનો પ્રયાસ આચર્યો હતો.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદ દસક્રોઈના હાથીજણ વિસ્તારમાં પાન-મસાલાની દુકાન ચલાવતા નંદકુમાર મણિલાલ મુદલિયાર પર પંદર દિવસ અગાઉ થયેલા જીવલેણ હુમલાનો ભેદ અમદાવાદ ગ્રામ્ય એલસીબીએ ઉકેલી કાઢ્યો હતો. પોલીસે હુમલાખોર ઈમ્તીયાઝ ઈમામુદ્દીન શેખની ધરપકડ કરી હતી. આરોપીની પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો થયો હતો કે, નંદકુમાર સાથે પૈસાની લેતીદેતીનો વિવાદ ધરાવતા વકીલ રાજેશ મહિડાએ વીસ હજારની સોપારી આપી હત્યા કરાવવાનું કાવતરૂ રચ્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ આરોપીએ ઓળખ છુપાવવા માટે દાઢી-મૂછ પણ કઢાવી નાખી હતી. તેમ છતાં અમદાવાદ ગ્રામ્ય એલસીબીના હેડ કોન્સ્ટેબલ જયદીપસિંહ ચાવડા અને હરપાલસિંહ નકુમ સહિતની ટીમે વિવિધ વિસ્તારોના સીસીટીવી ફૂટેજ તેમજ બાતમીના આધારે તપાસ કરી હતી. ગુનામાં ઉપયોગમાં લેવાયેલી સીએનજી રિક્ષાના આધારે આરોપીને બારેજા તરફ જતાં ઝડપી પાડવામાં આવ્યો હતો. નંદકુમાર પોતાની દુકાને હાજર હતા ત્યારે નમકીન ખરીદવાના બહાને આવેલા એક શખ્સે અચાનક ચપ્પુ કાઢી તેમના પેટ અને જમણા પગના સાથળના ભાગે ચાર ઘા ઝીંક્યા હતા.

હુમલાખોર આરોપી જવાહર ચોકની ચાની લારી પર રચાયું હત્યાનું કાવતરું આરોપી ઈમ્તીયાઝ શેખે પોલીસ પૂછપરછમાં જણાવ્યું કે, લગભગ વીસ દવસ પહેલાં તેનો મિત્ર સરો ઉર્ફે બટ્ટમ અન્સારી તેને ઈસનપુરના જવાહર ચોક ખાતે આવેલી ચાની લારી પર બોલાવી ગયો હતો. ત્યાં સરો અન્સારી, અઝરૂદ્દીન ઉર્ફે મામા શેખ અને વકીલ રાજેશ મહિડા હાજર હતા. ત્યાં અઝરૂદ્દીને ઈમ્તીયાઝને જણાવ્યું હતુ કે રાજેશ મહિડાનો નંદકુમાર સાથે પૈસાની લેતીદેતીનો ઝઘડો ચાલે છે અને તેને મારી નાખવાનું કામ કરવાનું છે. તેના બદલામાં વીસ હજાર આપવાની વાત થતાં ઈમ્તીયાઝે હત્યા કરવા સંમતિ આપી હતી.આ કિસ્સામાં દુકાનની રેકી કરાવી, છરો આપી હુમલો કરાવ્યો ત્રણ દિવસ



બાદ અઝરૂદ્દીન ઈમ્તીયાઝને વિવેકાનંદનગર લઈ ગયો હતો અને નંદકુમાર તથા તેમની દુકાન બતાવી હતી. હુમલાના દિવસે સરો અન્સારી અને અઝરૂદ્દીન શેખ ઈમ્તીયાઝ સાથે રિક્ષામાં ગયા હતા. બંનેએ ઈમ્તીયાઝને છરો આપ્યો હતો. ઈમ્તીયાઝે છરો પીઠ પાછળ સંતાડી દુકાને પહોંચી નંદકુમાર પર જીવલેણ હુમલો કર્યો, છરો બંને સાગરિતોને પરત આપી દીધો હતો. હુમલા બાદ પાંચ દિવસે મળી સોપારીની રકમ પોલીસ પુછપરછમાં આરોપીએ વધુમાં જણાવ્યું કે, હુમલાના પાંચ દિવસ બાદ તેને વટવા બોલાવવામાં આવ્યો હતો, જ્યાં સરો અન્સારી અને અઝરૂદ્દીન શેખે વચન મુજબ વીસ હજાર આપ્યા હતા.

અન્ય એક બનાવમાં લાખોની ઠગાઇ થઇ હતી. જામનગરમાં નવરાત્રીના આયોજનમાં ભાગીદાર બનાવી નફો અપાવવાની લાલચ આપી રાજકોટના જમીન-મકાનના વેપારી પાસેથી રૂપિયા બાર લાખ પચાસ હજાર મેળવી કથિત છેતરપિંડી કર્યાનો મામલો સામે આવ્યો હતો. બાકી રકમના ચેક બાઉન્સ થતાં ફરિયાદીએ કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. આ કેસ પાછો ખેંચાવવા ફરિયાદીને યુટ્યુબ ચેનલ પર બદનામ કરવાની તથા જાનથી મારી નાખવાની ધમકી આપી રૂપિયા પંદર લાખની ખંડણી માગવામાં આવી હોવાનો ગુનો જામનગર સીટી બી. ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો. આ બનાવ અંગે રાજકોટ જિલ્લાના વાવડી ગામે રહેતા અને કૃષ્પ પ્રોપર્ટીના નામે જમીન-મકાનની લે-વેચનો વ્યવસાય કરતા છત્રીસ વર્ષીય અર્જુનભાઈ રણધીરભાઈ ડવએ જામનગરના નવરાત્રી આયોજક સંજયભાઈ ચેતરીયા વિરૂધ્ધ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ જ્ઞાતિના એક સામાજિક પ્રસંગમાં ફરિયાદીની ઓળખાણ સંજયભાઈ સાથે થઈ હતી. ત્યારબાદ બંને વચ્ચે મિત્રતા બંધાઈ હતી. વર્ષ ૨૦૨૩માં નવરાત્રી પહેલાં સંજયભાઈએ રાજકોટ નજીક આવેલા 'ફોનીક્સ પાર્ટી પ્લોટ'માં ગરબીનું આયોજન કરવાનું જણાવી ફરિયાદીને ભાગીદાર બનવા અને મોટો નફો મેળવવાની લાલચ આપી હતી. આરોપીની વાતોમાં વિશ્વાસ મૂકી ફરિયાદીએ શરૂઆતમાં રૂપિયા ૫ લાખ અને ત્યારબાદ રૂપિયા ૭.૫૦ લાખ મળી કટકે-કટકે કુલ રૂપિયા ૧૨.૫૦ લાખ રોકડા આપ્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું. જો કે બાદમાં આ રકમ પરત ન આપી ઠગાઇ કરાઇ હતી. તેનો કેસ ભોગ બનનારે નોંધાવતાં તે પાછો ખેંચવાની ધમકી દઇ પંદર લાખની ખંડણી મંગાઇ હતી. અંતે તેણે પોલીસને જાણ કરી હતી.

# સ્ટેન્ડિંગ કમિટીમાં ૪.૨૦ કરોડના વિકાસકામોને મંજૂરી



**ટેન્ડરોમાં ૧.૧૭ કરોડની મોટી બચતઃ સ્ટોર્મ વોટર પાઈપલાઈન અને થર્મોપ્લાસ્ટ રોડ માર્કિંગના કામોમાં અંદાજિત કિંમત કરતાં ૨૦ થી ૩૫ ટકા ઓછા ભાવ આવતા મનપાને મોટો આર્થિક ફાયદો**

રાજકોટ, તા. ૨૯

મહાપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક ચેરમેન પરેશ પીપળીયાના અધ્યક્ષસ્થાને મળી હતી. આ બેઠકમાં રજૂ થયેલી તમામ ૧૩ દરખાસ્તોને મંજૂરી આપવામાં આવી હતી, જેના હેઠળ શહેરના વિવિધ વિસ્તારોમાં કુલ ₹૪.૨૦ કરોડના વિકાસકામો હાથ ધરવામાં આવશે. આજના ટેન્ડરોમાં એન્જિનિયરિંગ વિભાગના અંદાજિત ખર્ચ સામે કોન્ટ્રાક્ટરો દ્વારા ૨૦ થી ૩૫ ટકા ઓછા ભાવ ભરાતા, કુલ બે દરખાસ્તોમાં જ મનપાને ₹૧.૧૭ કરોડની મોટી બચત થવા પામી છે. વેસ્ટ ઝોનના વોર્ડ નંબર ૧૨માં સર્વોદય સ્કૂલથી આગળના રહેણાંક વિસ્તારોમાં ચોમાસા દરમિયાન ભરાતા વરસાદી પાણીના નિકાલ માટે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ વિસ્તારમાં સ્ટોર્મ વોટર લાઈન નાખવા માટે સરકારે ₹૨.૭૯ કરોડનું ટેન્ડર બહાર પાડ્યું હતું. સિદ્ધનાથ કન્સ્ટ્રક્શન નામની એજન્સીએ અંદાજિત કિંમત કરતા ૧૯.૯૧% ઓછા ભાવ ભરીને ₹૨.૨૩ કરોડમાં કામ કરવાની તૈયારી દર્શાવતા કમિટીએ આ ખર્ચ મંજૂર કર્યો છે.સ્ટેન્ડિંગ ચેરમેન પરેશ પીપળીયાએ જણાવ્યું હતું કે આ પાઈપલાઈનનું પ્રત્યક્ષ કામ વર્તમાન ચોમાસું પૂર્ણ થયા બાદ શરૂ કરવામાં આવશે.

વોર્ડના કોર્પોરેટર અને પૂર્વ મેયર ડો. પ્રદીપ ડવે માહિતી આપતા જણાવ્યું હતું કે સર્વોદય સ્કૂલથી રાધે રાધે પાર્ટી પ્લોટ, ઓમ પાર્ક મેઈન રોડ અને નંદનવન મેઈન રોડ પર વરસાદી પાણી ભરાવાની ગંભીર સમસ્યા હતી. આસોપાલવ, બાલાજી, પ્રમુખ એક્ઝોટીકા, નંદનવન, ઓમ પાર્ક, અને શિવમ પાર્ક સહિતની ૧૦થી વધુ સોસાયટીઓ અને હાઈરાઈઝ બિલ્ડિંગો. હાલ આ નવા વિકસતા વિસ્તારમાં આશરે ૧૦,૦૦૦ લોકો વસવાટ કરે છે. આ વિસ્તારમાં ભવિષ્યમાં ૮૦ ફૂટનો નવો રોડ પણ બનાવવાનું આયોજન છે, જેથી પાણીના નિકાલની આગોતરી વ્યવસ્થા અત્યંત જરૂરી હતી. શહેરના ઈસ્ટ, સેન્ટ્રલ અને વેસ્ટ એમ ત્રણેય ઝોનના મુખ્ય રસ્તાઓ પર વાહનચાલકો અને રાહદારીઓની સુરક્ષા માટે રોડ માર્કિંગની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે.

આ કામ માટે મનપાએ ₹૧.૭૫ કરોડનો અંદાજ મૂક્યો હતો. તેની સામે પ્લેટિનમ કન્સ્ટ્રક્શન કંપનીએ ૩૪.૩૪% ઓછા ભાવે એટલે કે માત્ર ₹૧.૧૪ કરોડમાં કામ કરવાની ઓફર મૂકી હતી, જે સ્વીકારી લેવામાં આવી છે. આ કામગીરી હેઠળ રસ્તાઓની સાઈડમાં પીળા રંગના માર્કિંગ (પાર્કિંગ પટ્ટા) અને રસ્તાની વચ્ચે સફેદ સેન્ટર લાઈન બનાવવામાં આવશે, જેથી રાત્રિના સમયે અકસ્માતો અટકે અને ટ્રાફિક નિયમન સરળ બને. સ્ટોર્મ વોટર પાઈપલાઈનમાં ૨૦% અને રોડ માર્કિંગના કામમાં ૩૫% ઓછા ભાવ આવતા કુલ ₹૪.૨૫ કરોડના કામો સામે ₹૧.૧૭ કરોડની સીધી બચત થઈ છે.

આટલા મોટા પ્રમાણમાં ઓછા ભાવ આવતા મનપાના અધિકારીઓ દ્વારા બનાવવામાં આવતા પ્રાથમિક એસ્ટીમેટ (અંદાજ) કેટલા ઊંચા અને ખોટા હોય છે તે બાબત ફરી એકવાર ચર્ચાનો વિષય બની છે.

# આંગણવાડીના ૧૮ હજાર બાળકો માટે પૂરક પોષણ આહારનો નવો કોન્ટ્રાક્ટ મંજૂર

**સવારનો નાસ્તો રૂા. ૧.૯૩, બપોરનો નાસ્તો રૂા. ૩ અને અઠવાડિયામાં બે વાર અપાશે ફ્રૂટ; 'પારસ એગ્રો સોસાયટી'ને સોંપાઈ જવાબદારી**

રાજકોટ, તા. ૨૯

રાજકોટ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટી દ્વારા શહેરમાં ચાલતી આંગણવાડીના બાળકોને પૂરક પોષણ આહાર પૂરો પાડવા માટે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશ પીપળીયાએ આપેલી માહિતી મુજબ, સરકાર દ્વારા નક્કી કરાયેલા મેન્યૂ અને ભાવ મુજબ બાળકોને પૌષ્ટિક આહાર આપવાનો નવો કોન્ટ્રાક્ટ મંજૂર કરવામાં આવ્યો છે. અત્યાર સુધી રાજકોટની આંગણવાડીઓમાં આહાર આપવાનો કોન્ટ્રાક્ટ શ્રી ગણેશ મહિલા ગૃહ ઉદ્યોગ પાસે હતો. હવે આ કામગીરી માટે પારસ એગ્રો સોસાયટીના નામ પર સ્ટેન્ડિંગ કમિટી દ્વારા આખરી મંજૂરીની મહોર મારવામાં આવી છે.

રાજકોટ શહેરની કુલ ૩૬૪ આંગણવાડીઓમાં નોંધાયેલા ૩ થી ૬ વર્ષના આશરે ૧૮ હજાર લાભાર્થી બાળકોને આ યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે. સરકાર દ્વારા પૂરક પોષણ આહાર બનાવવા માટે મુખ્ય સામગ્રી જેમ કે ચોખા, તેલ, ફોર્ટીફાઈડ લોટ (આટો). આ મુખ્ય ચીજો સરકાર તરફથી સીધી પૂરી પાડવામાં આવે છે, જ્યારે મસાલાથી લઈને બળતણ અને શાકભાજી જેવી અન્ય વસ્તુઓનો ખર્ચ કોન્ટ્રાક્ટ હેઠળ કરવામાં આવે છે.




## આહારના ખર્ચ અને મેન્યૂનું સંપૂર્ણ વિશ્લેષણ

બાળકોને અપાતા નાસ્તા અને આહારના ખર્ચનું સરકારી મેન્યૂ મુજબનું માળખું નીચે મુજબ છેઃ

**૧. સવારનો નાસ્તો (પ્રતિ બાળક રૂા. ૧.૯૩)**

સવારના નાસ્તા માટે બાળક દીઠ રૂા. ૧.૯૩ નો ખર્ચ નક્કી કરાયો છે, જેનું વિભાજન આ પ્રમાણે છેઃ

વાહતુક, લીલા શાકભાજી અને દળામણઃ ૮૦ પૈસા

તલ અને શીંગદાણાઃ ૫૦ પૈસા

ચણા અને તુવેર દાળઃ ૪૩ પૈસા

બળતણ (બળતણ ખર્ચ)ઃ ૨૦ પૈસા

**૨. બપોરનો નાસ્તો (પ્રતિ બાળક રૂા. ૩.૦૦)**

બપોરના ભોજન/નાસ્તા માટે પ્રતિ બાળક રૂા. ૩ નો ખર્ચ થાય છે, જેમાં ચણા-તુવેર દાળ સિવાયના ઘટકોનો સમાવેશ થાય છેઃ

તલ અને શીંગદાણાઃ રૂા. ૧.૬૦

લીલા શાકભાજી સહિત અન્ય ખર્ચઃ રૂા. ૧.૨૦

બળતણ તથા અન્ય વ્યવસ્થાઃ બાકીનો હિસ્સો

**૩. મોસમી ફળ (અઠવાડિયામાં ૨ વખત)**

બાળકોના ઉત્તમ સ્વાસ્થ્ય અને વિટામિન્સની પૂર્તિ માટે સપ્તાહમાં બે વાર ફળ આપવાની ખાસ જોગવાઈ છેઃ

દિવસઃ દર સપ્તાહે સોમવાર અને ગુરૂવાર

ખર્ચઃ પ્રતિ બાળક રૂા. ૩.૧૨ ના દરે ઋતુગત (સીઝનલ) ફ્રૂટ વિતરણ.

# રવિવારે CM રાજકોટમાંઃ ૧૦૦ કરોડના વિકાસ કામોની ભેટ

**મહાનગરપાલિકાની ચૂંટણી બાદ પ્રથમ વખત મુખ્યમંત્રી રાજકોટના આંગણે**



રાજકોટ, તા. ૨૯

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણી બાદ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પ્રથમ વખત આગામી રવિવારે (તા. ૨) સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટની મુલાકાતે આવી રહ્યા છે. આ મુલાકાત દરમિયાન તેઓ શહેર અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માટે કરોડો રૂપિયાના વિવિધ વિકાસપ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.મુખ્યમંત્રી બપોર પછી અમદાવાદથી હવાઈ માર્ગે હિરાસર એરપોર્ટ ખાતે આવી પહોંચશે. હિરાસર એરપોર્ટથી તેઓ મોટર માર્ગે રાજકોટ શહેર પ્રવેશ કરશે અને નિર્ધારિત વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નાગરિકોની સુવિધા અર્થે તૈયાર કરાયેલા રૂ. ૧૦૦ કરોડથી વધુના કામો જનતાને સમર્પિત કરવામાં આવશે. મુંજકામાં નવું આરોગ્ય કેન્દ્ર. વોર્ડ નં. ૧૮ માં કોમ્યુનિટી હેલ્થ સેન્ટર (ઈઈઈ). કાલાવડ રોડ પર તાલુકા પોલીસ મથક સામે (ઈન્ફિનિટી પાસે) નવો પાર્ટીપ્લોટ સહિતના વિવિધ પ્રકલ્પો લોકોને ભેટ આપશે. મુખ્યમંત્રીના હસ્તે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે તૈયાર થયેલા અધ્યતન ભવનોનું પણ ઉદઘાટન કરવામાં આવશે . ૧૨.૫૦ કરોડના ખર્ચે તૈયાર થયેલ ૯૫૦ લોકોની ક્ષમતા ધરાવતું મોટું ઓડિટોરિયમ. ૧૩ કરોડના ખર્ચે બનેલી આધુનિક લાઈબ્રેરી. ૫૯ લાખના ખર્ચે નિર્માણ પામેલ હેલ્થ સેન્ટરનું નવું બિલ્ડિંગ.

સકારી કાર્યક્રમો ઉપરાંત મુખ્યમંત્રી અન્ય મહત્વના સ્થાનિક કાર્યક્રમોમાં પણ હાજરી આપશે . સાથોસાથ ટ્રસ્ટ દ્વારા આયોજિત 'જ્ઞાન પ્રબોધિની દિક્ષા ગ્રહણ સમારોહ'માં વિશેષ ઉપસ્થિતિ રહેશે. સ્થાનિક બિલ્ડર એસોસિએશન દ્વારા આયોજિત કાર્યક્રમમાં હાજરી આપશે. સ્થાનિક ભાજપના હોદ્દેદારો અને વિવિધ સામાજિક-વેપારી સંસ્થાઓ દ્વારા મુખ્યમંત્રીનું જાજરમાન સ્વાગત કરવાનું આયોજન કરાયું છે. જિલ્લા વહીવટી તંત્ર, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન અને પોલીસ તંત્ર દ્વારા સુચારૂ આયોજન અને જડબેસલાક સુરક્ષા વ્યવસ્થા માટે વિવિધ વિભાગોના અધિકારીઓ સાથે બેઠકોનો દોર શરૂ કરી દેવામાં આવ્યો છે.

રાજકોટ મહાનગર પાલિકાની ચૂંટણી બાદ પ્રથમવાર સૌરાષ્ટ્રના પાટનગર એવા રાજકોટની આ મુલાકાતે આવી રહ્યા હોય મુખ્યમંત્રીના આગમનને વધાવવા માટે ભાજપના હોદ્દેદારો દ્વારા તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

તેની સાથોસાથ જિલ્લા વહીવટી તંત્ર, મ્યુનિસિપલ કોર્પોરેશન અને પોલીસ તંત્ર પણ તૈયારીઓમાં ગુંથાય જવા પામેલ છે. મુખ્યમંત્રીના આ કાર્યક્રમના સુચારૂ આયોજન અને સુરક્ષા વ્યવસ્થા માટે જડબેસલાક આયોજન કરવામાં આવી રહ્યું છે.

# હાઈકોર્ટ બેંચની માંગ સાથે વકીલોના જંગના એંધાણ

**તમામ જિલ્લા-તાલુકા કોર્ટોમાં હડતાલ અને આવેદનપત્ર પાઠવાયા**

રાજકોટ, તા. ૨૯

સૌરાષ્ટ્ર અને કચ્છના નાગરિકોને ન્યાય મેળવવા માટે છેક અમદાવાદ સુધી ધક્કા ખાવામાંથી મુક્તિ અપાવવા માટે વકીલો દ્વારા વર્ષો જૂની રાજકોટમાં ગુજરાત હાઈકોર્ટની સર્કિટ બેંચ (હાઈકોર્ટ બેંચ) સ્થાપવાની માંગણીએ ફરી એકવાર જોર પકડ્યું છે. આ મુદ્દે ચાલી રહેલી લડત વધુ તેજ બનતા સૌરાષ્ટ્ર-કચ્છના વકીલ મંડળો દ્વારા એકજૂથ થઈને વિરોધ પ્રદર્શન સાથે લડતનો શંખનાદ કરવામાં આવ્યો છે.

રાજકોટ બાર એસોસિએશનના નેજા હેઠળ અને સૌરાષ્ટ્ર-કચ્છના વિવિધ જિલ્લા તથા તાલુકા બાર એસોસિએશનોના સહયોગથી સમગ્ર વિસ્તારની કોર્ટોમાં વકીલોએ કામકાજથી અળગા રહીને એકદિવસીય હડતાલનું એલાન આપ્યું હતું. સવારે ૧૧ વાગ્યે મોટી સંખ્યામાં વકીલો રાજકોટ કલેક્ટર કચેરી ખાતે એકઠા થયા હતા અને હાઈકોર્ટ બેંચની સ્થાપના માટે જોરદાર નારેબાજી કરી હતી. વકીલો દ્વારા જિલ્લા મથકોએ કલેક્ટરશ્રીને તેમજ તાલુકા કક્ષાએ ડેપ્યુટી કલેક્ટર અથવા મામલતદારશ્રીને આવેદનપત્ર પાઠવીને સરકાર અને હાઈકોર્ટ તંત્ર સમક્ષ પોતાની ન્યાયિક માંગણી દોહરાવવામાં આવી હતી.



આવેદનપત્રમાં પોરબંદર, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, અમરેલી, મોરબી અને કચ્છ જેવા છેવાડાના જિલ્લાઓના પક્ષકારો (અરજદારો), વકીલો અને સરકારી અધિકારીઓની મુશ્કેલીઓનો વિગતવાર ચિતાર આપવામાં આવ્યો છે. છેવાડાના વિસ્તારોમાંથી અમદાવાદ પહોંચવા માટે ૬ થી ૧૨ કલાકનો લાંબો પ્રવાસ કરવો પડે છે. વારંવાર પડતી તારીખો (મુદતો) અને ટ્રાફિકની સમસ્યાના કારણે સામાન્ય નાગરિકોને આર્થિક ફટકો પડે છે અને સમયનો વ્યય થાય છે. ગુજરાત હાઈકોર્ટમાં ચાલતી કુલ તકરારો (લીટીગેશન) પૈકી આશરે ૪૦% જેટલા કેસો એકલા સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના છે. જો રાજકોટ ખાતે હાઈકોર્ટ બેંચ મંજૂર કરવામાં આવે, તો અમદાવાદ હાઈકોર્ટ પરનું કેસોનું ભારણ અડધું થઈ જશે અને વર્ષોથી અટકેલા કેસોનો ઝડપી નિકાલ શક્ય બનશે. ભૂતકાળમાં રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર રાજ્યની હાઈકોર્ટ બેંચ કાર્યરત હતી જ. દેશના અન્ય રાજ્યોમાં પણ એકથી વધુ બેંચો આપેલી છે.

સ્વ. કેશુભાઈ પટેલની સરકારના સમયથી લઈને આજદિન સુધીની ભાજપ સરકારે પોતાના ચૂંટણી ઢંઢેરામાં રાજકોટને હાઈકોર્ટ બેંચ આપવાનું વચન આપેલું છે.

વકીલોએ માંગ કરી છે કે સરકારે પોતાના આ વચનને પૂરું કરવા માટે હવે ત્વરિત અને હકારાત્મક પગલાં ભરવા જોઈએ. રાજકોટમાં હાઈકોર્ટ બેંચ શરૂ કરવા માટે જરૂરી તમામ પાયાની સુવિધાઓ મોજૂદ હોવાની રજૂઆત કરવામાં આવી છે.રાજકોટ એક ઝડપથી વિકસતું મહાનગર છે. અહીં હાઈકોર્ટ બેંચના સંકુલ (કચેરી) તેમજ માનનીય હાઈકોર્ટ જજસાહેબોના રહેણાંક માટે પૂરતી અને વિશાળ જગ્યાઓ ઉપલબ્ધ છે.

જે રીતે સરકારે તાલુકા કક્ષાએ કોર્ટો અને ફેમિલી કોર્ટો બનાવીને ન્યાય પ્રક્રિયા સરળ બનાવી છે, તે જ નીતિ હેઠળ સૌરાષ્ટ્ર-કચ્છના કરોડો લોકોના હિતમાં રાજકોટને હાઈકોર્ટ બેંચ ફાળવવી અત્યંત જરૂરી છે. કલેક્ટર મારફતે રાજ્ય સરકાર અને હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ સુધી આ આવેદનપત્ર પહોંચાડીને, વર્ષો જૂની આ ન્યાયિક માંગણીનો વહેલી તકે ઉકેલ લાવવા માટે સૌરાષ્ટ્ર-કચ્છના વકીલ મંડળોએ મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો છે.

# જિલ્લાના પચ્ચીસ જળાશયોની સંગ્રહ ક્ષમતા ૨૧,૩૧૯ MCFT

**જિલ્લાના જળાશયોમાં સરેરાશ ૩૫.૪૩% પાણીનો જથ્થો ભરાયેલોઃ હજુ પણ જળાશયો પૂર્ણ ભરાવા માટે ૧૨,૬૧૭ MCFT પાણીની જરૂરિયાત**

રાજકોટ, તા. ૨૯

રાજકોટ સિંચાઈ વર્તુળ (પૂર એકમ) હસ્તકના ૨૫ જળાશયોની તાજેતરની સ્થિતિ મુજબ જિલ્લામાં સરેરાશ ૩૫.૪૩% પાણીનો જથ્થો સંગ્રહિત થયો છે. જિલ્લાના તમામ ૨૫ જળાશયોની કુલ સંગ્રહ ક્ષમતા ૨૧,૩૧૯ મિલિયન ક્યુબિક ફીટ (ખઈઋઝ) છે, જેની સામે હાલમાં ૮,૭૦૩ ખઈઋઝ જથ્થો ઉપલબ્ધ છે અને હજુ ૧૨,૬૧૭ ખઈઋઝ પાણીની આવક બાકી છે. મુખ્ય જળાશયોની સ્થિતિ જોઈએ તો ભાદર-૧ ડેમ તેની ૩૪.૦૦ ફૂટની જીવંત ઊંડાઈ સામે હાલ ૧૮.૧૦ ફૂટ ભરાયેલ છે અને તેમાં ૨૨.૫૯% જથ્થો છે. જ્યારે ભાદર-૨ ડેમ ૮૮.૫૭% અને લાલપરી ડેમ ૮૬.૨૭% ભરાઈને ઉચ્ચ સપાટીએ પહોંચ્યા છે. આ ઉપરાંત વેણું-૨ માં ૭૬.૪૩%, આજી-૨ માં ૭૩.૨૯% અને સુરવો ડેમમાં ૬૮.૭૪% પાણીનો જથ્થો નોંધાયો છે.

બીજી તરફ મધ્યમ સંગ્રહ ધરાવતા જળાશયોમાં ન્યારી-૨ (૫૬.૧૧%), ફોફળ (૫૪.૯૨%), આજી-૧ (૫૦.૨૫%), મોજ (૪૮.૨૪%), આજી-૩ (૪૧.૮૧%), સોડવદર (૪૦.૪૨%) અને ન્યારી-૧ (૩૯.૯૩%) નો સમાવેશ થાય છે. જોકે, જિલ્લાના કેટલાક નાના અને મધ્યમ ડેમોમાં પાણીની આવક હજુ ઘણી ઓછી જોવા મળી છે. જેમાં ન્યારી (નં. ૨૧) માં ૨૩.૫૯%, બેડાપીમાં ૧૮.૮૬%, મોતીસરમાં ૧૫%, ઈશ્વરીયામાં ૧૨.૬૬% અને ડોમડામાં ૬.૬૯% પાણી ઉપલબ્ધ છે. સૌથી ઓછી આવક ધરાવતા જળાશયોમાં ગોડલી (૦.૨૨%), વરી (૧.૯૪%), છાપરવાડી (૨.૮૬%) અને વાછપરી (૩.૧૯%) નો સમાવેશ થાય છે. સીઝનના કુલ વરસાદની દ્રષ્ટિએ ફોફળ ડેમ વિસ્તારમાં સૌથી વધુ ૩૮૨ મીમી, સુરવોમાં ૩૬૨ મીમી અને ભાદર-૨ માં ૩૨૦ મીમી વરસાદ નોંધાયો છે, જ્યારે ન્યારી-૧ વિસ્તારમાં સૌથી ઓછો ૭૭ મીમી વરસાદ નોંધાયો છે.